**આધ્યાત્મિક વિકાસની નવી જ ક્ષિતિજ ખોલતું ગુજરાતી માસિક**

છૂટક નકલ ૬-૦૦ વાર્ષિક લવાજમ દેશમાં રૂા. **૨૫/—** આજીવન **૨૫૧/—**
વિદેશમાં વાર્ષિક રૂા. **૫૦૦/** (વિમાનથી) આજીવન **૫૦૦૦/—**

- **સંસ્થાપક : પ. પૂ. યોગેશ્વરજી** સર્વમંગલ ચે. ટ્રસ્ટ (રજી. અમદાવાદ).
- **તંત્રી—સંપાદક :** શ્રી નારાયણ હ. જાની.
- **પ્રકાશન અને પ્રાપ્તિસ્થાન :** 'અધ્યાત્મ' પ્લોટ નં. ૧૬૮૮ બી. સરદારનગર, ભાવનગર—૧. ફોન : **૨૪૭૧૨૩૦,૨૫૭૨૫૦૨, ૨૫૬૫૮૧૧**
- ADHYATMA email Addres: adhyatma_editor@yahoo.co.in
- You can know about Shree Mahatmaji & Shree Maa from Website "SWARGAROHAN.ORG"
- **અધ્યાત્મના સહાયક સ્વજનો :** ૧. ડો. બી. જે. જાગાણી, ૨. શ્રીગોરધનભાઈ કલોલા (કલ્યાણ) અને ૩. શ્રી જ્યોત્સ્નાબેન બી.ત્રિવેદી.
- **તંત્રી, મુદ્રક અને પ્રકાશક :** નારાયણ હ. જાની.
- **મુદ્રણસ્થાન :** રાધેશ્યામ પ્રિન્ટીંગ પ્રેસ, ૫૩/૫૪ સી-૧, બોરડીગેટ, ભાવનગર-૧


**★ લેખકોને નિમંત્રણ ★**

- અધ્યાત્મમાં લેખો, ભજનો કે ગીતો મોકલાવવા લેખકોને નિમંત્રણ છે. અધ્યાત્મની ભાવનાને અનુરૂપ જ લેખો સ્વીકારવામાં આવશે.
- લખાણ કાગળની એક બાજુ ને સારા મોટા અક્ષરે લખેલું હોવું જરૂરી છે. બીજાં સામયિકોમાં પ્રસિદ્ધ થયેલ લેખોની નકલો ન મોકલાવવા વિનંતી છે.

**★ અધ્યાત્મ અંગે સૂચનો ★**

- ગ્રાહકોને ગ્રાહક નંબર સરનામા સાથે લખવામાં આવે છે તે નોંધી લેવો.
- 'અધ્યાત્મ' જો આપને ગમ્યું હોય તો આપના પરિચિત વર્ગમાં તેના ગ્રાહકો વધે તેવું આપ કરતાં રહેશો.
- લવાજમ માટે મનીઓર્ડર, ડીમાન્ડ ડ્રાફ્ટ—ડૉ.બી.જે.જાગાણી, ૨૪—નાલંદા ટેનામેન્ટ, હિલડ્રાઈવ, ભાવનગર(ફોન-૨૪૭૧૨૩૦)ને મોકલવા વિનંતી છે.
- 'અધ્યાત્મ' દર માસની ૧૭ તારીખે પ્રસિદ્ધ થશે. કોઈ કારણે એકાદ અઠવાડિયા સુધી અંક ન મળે તો સ્થાનિક ટપાલ કચેરીમાં તપાસ કર્યા પછી અત્રે જણાવવું. સિલિકમાં હશે તો જરૂર મોકલી અપાશે.
- પત્રવ્યવહાર કરતી વખતે ગ્રાહક નંબર લખવાથી વધુ સરળતા રહેશે.
- 'અધ્યાત્મ' અંગે કોઈ સૂચનો કરવાના હોય તો નિઃસંકોચ કરવા અનુરોધ છે.
- આગલા મહિનાના અંત સુધીમાં જે ગ્રાહકોનાં નામ અત્રે મળી જશે, તેમને તે પછીના મહિનાની તા. ૧૭ મી એ અંક રવાના કરવામાં આવશે.

You can know about Shree Mahatmaji & Shree Maa from Website 'SWARGAROHAN.ORG'

# અનુક્રમણિકા


| | | |
|---|---|---|
| સદ્‌ભાવભરી અભિનંદનીય સહાય | મા સર્વેશ્વરી | ૩ |
| છૂટો દોર કે દબાણ? | શ્રી યોગેશ્વરજી | ૪ |
| શ્રી યોગેશ્વર કથામૃત | મા સર્વેશ્વરી | ૭ |
| પ્રશ્નોત્તરી—દર્શન અને ચમત્કાર | શ્રી યોગેશ્વરજી | ૧૧ |
| પૂ. શ્રી માની સંનિધિના નૂતન વર્ષના— પાંચ દિવસ પૂર્ણ | ડો. બી. જે જાગાણી | ૧૭ |
| બે માતાઓને ખોળે | શ્રી જ્યોત્સ્નાબહેન ત્રિવેદી | ૨૪ |
| Never ever think that Maa is not listening | Ketanbhai | ૩૧ |
| પનામાનો પૂણ્ય પ્રવાસ | મા સર્વેશ્વરી | ૩૬ |
| અમારા દર્દ હરનારા ગુરુહરિ ઔષધી બનજો | ચિન્મય | ૪૩ |
| ભગવાન તમને ચાહે જ છે. | ડો. આઈ. કે. વિજળીવાળા | ૪૬ |
| કઠ ઉપનિષદ | યોગેશ્વરજી | ૫૩ |
| શ્રદ્ધાનું મહત્ત્વ | મહારાજશ્રી નથુરામશર્માજી | ૫૮ |
| રસેશ્વરી | યોગેશ્વરજી | ૬૧ |

# સદ્‌ભાવભરી અભિનંદનીય સહાય

**વિદેશના શ્રી નરસિંગભાઇ પરિવારે પિતાશ્રી ભૂલાભાઈની આદર્શ, અનુકરણીય અદ્‌ભુત સેવા પ્રેમથી કરી, મૃત્યુને મંગલ મહોત્સવમાં પલટાવવા પ્રયત્ન કર્યો.**

**એ સર્વે બાળકો તરફથી શ્રી ભૂલાભાઈની સ્મૃતિમાં અધ્યાત્મનો આ અંક પ્રકાશિત થઈ રહ્યો છે.**

**તેઓ સહુની સેવાની આ પ્રવૃત્તિને અભિનંદન.**

**—મા સર્વેશ્વરી**



# છુટો દોર કે દબાણ ?

**શ્રી યોગેશ્વરજી**

કેટલાક વિચારકો કે વિદ્વાનો વૃત્તિઓને છૂટોદોર આપવામાં માને છે, મનમાં જે પણ વૃત્તિ ઊઠી, જે સંકલ્પ, વિચારભાવ ઉદ્‌ભવ્યા, તેમને દબાવી કે રોકી દેવાને બદલે તેને બહાર નીકળવા દેવા, એમનો આચારમાં અનુવાદ કરવો, અથવા એ અનુસાર વર્તવું, એવી વિચારસરણીમાં એ વિશ્વાસ રાખે છે અને અવસર આવ્યે એને અનુસરે છે. એ કહે છે કે ભાવો કે વિચારોને રોકવાથી કે દબાવવાથી શારીરિક અને માનસિક રીતે મોટું નુકસાન થાય છે. એમના કથનને આદર્શ માનીને અનુસરનારો વર્ગ પણ સ્વાભાવિક રીતેજ વધતો જાય છે. કારણ કે એ વિચારસરણી છે જ એવી ચિત્તાકર્ષક અને ચેપી. એમાં પરંપરાગત વિચાર પદ્ધતિ કરતાં વિપરિત એવી બીજી વિચારસરણીનો પડઘો પડે છે. વૃત્તિઓ, વિચારો ને ભાવોનો સંયમ સાધવાનો સદુપદેશ તો જૂના જમાનાથી ચાલ્યો આવે છે. પરંતુ એમને છુટો દોર આપવાની વાત અનોખી અથવા ઊલટી છે. એટલે તરત જ ધ્યાન ખેંચે છે. અવનવી, વિપરીત વિરોધી અથવા ઊલટી વસ્તુનો એવો સ્વભાવ હોય છે.

સ્વામી વિવેકાનંદને પરદેશના પ્રવચન—પ્રવાસ—દરમિયાન એક મહાનુભવનો મેળાપ થયો. તે એમને પોતાના પંથમાં લઈ જવાની આકાંક્ષા રાખતા. સ્વામી વિવેકાનંદે એમને એ પંથની કોઈ વિશેષતા દર્શાવવા જણાવ્યું તો એમણે કહ્યું કે અમારા પંથમાં પ્રવેશનારને ગમે તેટલીવાર લગ્ન કરવાની છૂટ મળે છે.

વિવેકાનંદે જણાવ્યું કે મારા જીવનમાં તો એ આકર્ષણ હવે નથી રહ્યું, પરંતુ આકર્ષણની એ વાત અસાધારણ છે, ને ભારતમાં તમારા પંથના પ્રચાર માટે જશો તો તમને થોડાઘણા અનુયાયીઓ મળી રહેશે. એ દેશમાં બધાજ પંથો કામ કરે છે.

છતાં પણ કોઈપણ વિચારસરણીનો તટસ્થ રીતે જીવનોપયોગી વિચાર કરવાનું આવશ્યક હોય છે. એવી રીતે વૃત્તિઓને કે વિચારોને છૂટો દોર આપવાની વિચારધારાને પણ વિચારી લઈએ. જે પુરુષો એવું કહે છે કે માને—મનાવે છે કે મનમાં જે પણ વિચાર, ભાવ, ઊર્મિ ઉઠે એને દબાવાને બદલે એનો તરતજ અમલ કરવો અથવા એ અનુસાર કરવા માંડવું, એ પુરુષોના કથન, મંતવ્ય કે અભિપ્રાયને પણ માની ના શકાય અથવા આદર્શ ના ગણાય. સમજુ માનવ કોઈપણ પ્રકારના વિચાર વગર જેમ ફાવે તેમ આંખ મીચીને કામ કેવી રીતે કરી શકે? એવી રીતે તો કેટલીકવાર પશુ પણ વર્તતાં નથી દેખાતાં. અમે એક દિવસ કૂતરાને રોટલો નાંખ્યો. અમને એમ કે કૂતરો એ રોટલો તરતજ ખાઈ જશે. પરંતુ અમારા આશ્ચર્ય વચ્ચે કૂતરાએ એ રોટલાને ના ખાધો અમે બીજો રોટલો નાખ્યો તો એણે એ પણ ના ખાધો. એનો ઉપયોગ પાછળથી ભેગા મળેલા કાગડાઓએ પણ ના કર્યો. કારણ કે એ વાસી હતો. અમને થયું કે કૂતરો અને કાગડા પણ આટલો વિવેક કરી શકે છે તો પછી માનવ તો વિવેક કરે જ. એ વધારે શિક્ષિત, સંસ્કૃત મનાય છે. જોઈને પગલું ભરવું, વિચારીને બોલવું ને વર્તવું, માણસને માટે આવશ્યક, આવકારદાયક, અભિનંદનીય, આશીર્વાદરૂપ છે. માટે જ શાસ્ત્રે જણાવ્યું છે કે જોઈને—દૃષ્ટિથી પવિત્ર કરીને— પગલું ભરવું જોઈએ. દૃષ્ટિપૂતં ન્યસેત્ પાદમ્. જોયા વિના,



ચારેકોર દૃષ્ટિપાત કર્યા વિના ચાલવામાં આવે તો કોઈવાર લપસી પડાય, ખાડામાં પડાય, વાગી જાય, ભળતાજ માર્ગે ચઢી જવાય, કે કોઈકની સાથે ભટકાઈ પડાય, કોઈને હાનિ કરાય. મનમાં ઉદ્ભવતા નાનામોટા બધાજ ભાવો કે વિચારોનો અમલ કેવી રીતે થાય? એ પ્રમાણે વર્તવાનું કેવી રીતે કહેવાય? કોઈને કોઈના ઘરમાં પ્રવેશીને ચોરી કરવાનો વિચાર આવે તો તેણે એ વિચારને અનુલક્ષીને તરત જ ચોરી કરવી? ખૂન કરવાનો વિચાર આવે અથવા વ્યભિચારના વિચારવાળાએ એ પ્રમાણે વર્તવાનું? સ્થિર બુદ્ધિના સમજુ કહેવાતા માનવ પાસે એવી અપેક્ષા ના રાખી શકાય. બધાજ વિચારો, બધીજ વૃત્તિઓ અને ઊર્મિઓને અનુસરવામાં આવે તો આપણી આજુબાજુના સમાજમાં અવ્યવસ્થા થઈ જાય. આતંક અને અશાંતિ વધી જાય.

વૃત્તિઓને દબાવવાની કે એમને છુટો દોર આપવાની બન્ને પ્રકારની વૃત્તિ કે પ્રવૃત્તિ વ્યક્તિ તથા સમષ્ટિને માટે હાનિકારક છે. એક ઉત્તર ધ્રુવ અને બીજું દક્ષિણ ધ્રુવ બન્નેની ભલામણ ના કરી શકાય. ઉત્તમ વસ્તુતો વૃત્તિ, વિચાર, ઊર્મિને તટસ્થ રીતે વિચારીને, એની સારસરિતાને સમજીને, આવશ્યકતા અનુસાર અપનાવીને કે અમલ કરવાની છે. વૃત્તિ કે વિચારોને દબાવવાની કે છુટો દોર આપવાની ભલામણ કરવાને બદલે આપણે એમને તપાસવાનું, ચકાસવાનું અને એમનો વિવકપૂર્વકનો વિનીયોગ કરવાનું, વલણ પસંદ કરીશું, વધારે યોગ્ય, તંદુરસ્ત અથવા આદર્શ માનીશું, એવું વલણ જ માનવને ભોગ તથા યોગ ઉભયનો સમ્યક આનંદ આપશે અને શાંતિ પ્રદાન કરશે.

# અધ્યાત્મ

**વરદ હસ્ત પ્રભુ તમારો, સદાય રહેજો જીવન સહારો**

**–મા સર્વેશ્વરી**

વર્ષ : ૩૩ જૂન–૨૦૧૧ અંક ૯

## શ્રી યોગેશ્વર કથામૃત

**–મા સર્વેશ્વરી**

**સ્થળઃ–૮૬, કોટયર્ક નગર, રાંદેર રોડ, સુરત.**

**તા.૧૮/૩/૮૨ શનિ, રવિ સોમવાર**

આજે સવારે પૂ.શ્રી થોડું લેખન કરે છે. ફીશરની તકલીફને લીધે વધારે ભાગે આરામ જ કરે છે.

મુલાકાત પહેલાં ભોજન લેવાનું બને છે. પૂ.શ્રી દૂધ, ચેવડો ને દૂધીનું શાક લે છે, દૂધીનું શાક ચાર પાંચ વખત ધોઇ નખાવે છે. પછી જ તે બાફેલું શાક લેવામાં આવે છે.

મુલાકાતીઓ આવે છે. પ્રણામ કરી સૌ બેઠા છે.મોરબીથી આજે શ્રી હરિભાઇ ભોજાણી તથા શ્રી સુખલાલભાઇ મળવા આવે છે.

આજે પ્રશ્નોત્તરી એક ભાઇ શરૂ કરતાં કહે છે.

**પ્રશ્નઃ–** ધ્યાનની સાધનામાં ક્યો ખોરાક ઉત્તમ ગણાય.

**પૂ.શ્રીઃ–** દૂધ, ફળ, પછી ખીર, ખીચડી વગેરે. ઇંડા, માંસ એ માનવનો ખોરાક નથી.



**પ્રશ્નઃ–** તે ખોરાક કેટલો અને ક્યારે લેવો ?

**પૂ.શ્રીઃ–** ત્રણવાર દૂધ લો, ખોરાક લેતા હોય તો બે વાર દૂધ લો. પાકા ટામેટાં ખાઓ. ચણા ખાઓ.

આજે મેં દૂધ ચેવડો લીધાં. દુધીનું શાક ધોઇને લીધું.

મહાત્મા પાસે આવે તે કોઇ એમને એમ જ થોડા જ જાય! હા સિધ્ધપુરુષ હોય તે અથવા અતિશય વિષયી હોય, તેને કાંઇ અસર ન થાય. બાકી બીજી વત્તી ઓછી અસર પામે જ.

જીવ જ્યાંથી નીકળેલો તે તો મૂળભૂત સદ્‌ચિદાનંદ પછી તેમાં કાળક્રમે વિકૃતિ આવે. તેમ શાકને મૂળરૂપમાં લાવ્યા બાદ જ લીધું. વિકૃતિઓ મસાલાની હતી તે ધોઇ નાંખી.

**પ્રશ્નઃ–**જન્મોજન્મના મેલ સુષુમ્ણા નાડીમાં ભેગો થાય?

**પૂ.શ્રીઃ–**ના, મેલ તો મનમાં ભેગો થાય. કર્મના દોષ મનમાં જ જામે. મન જ એની પેટી છે.

**પ્રશ્નઃ–**ગાયત્રી જપ કરું છું. પણ મન સ્થિર થતું નથી.

**પૂ.શ્રીઃ–**અભ્યાસથી થશે. પણ હમણાં જ ગાયત્રીમંત્ર જપની જે હવા ચાલી છે તે યોગ્ય નથી.

દરેક માનવની પ્રકૃતિ જુદી જુદી હોય છે. દરેકના કુળદેવ દેવી પણ જુદાં હોય છે.

સામાન્ય રીતે દરેકના ઘરમાં જે કુળદેવતા હોય રામ, શંકર, કૃષ્ણ તે તેમના પૂર્વ પણ તેને જ માનતા હોય, તો તેમણે તેમના કુળદેવ દેવતાને જ ભજવા, પૂજવા જોઇએ. એ અંગે સાચી વાત કહું. ભાવનગરમાં બે ભાઇઓ રહે. તે લોકો પોતાના કુળદેવતા કોણ તે ન જાણે. ગાયત્રી જપે. ગમે તેવી મહેનત કરે તો પણ કષ્ટો, વિઘ્નો આવે. એકવાર બન્ને ભાઇઓને અલગ

અલગ સ્વપ્ન આવ્યું કે તમે મને ભૂલી ગયા! મારી પૂજા થતી નથી. અમદાવાદ જિલ્લાના ધોળકા તાલુકાના સરોડા ગામમાં હું છું. હું તમારી કુળદેવી બ્રહ્માણી છું. મારી પૂજા થતી નથી.

સ્વપ્ન મુજબ તેઓ તપાસ કરતા કરતા સરોડા આવ્યા. ગામની બહાર બ્રહ્માણીના ટેકરા નામે જાણીતી જગ્યા છે. ત્યાં સાચે જ પૂજા થતી ન હતી. તે ભાઇઓએ સેવા પૂજાની વ્યવસ્થા કરી ને એ ભાઇઓના જીવનનાં જે વિઘ્નો ને કષ્ટો હતાં તે ઓછાં થઇ ગયાં. આજે પણ એ મંદિરની નિયમિત પૂજા થાય છે.

હિમાલય જતાં પહેલાં અમે પણ ત્યાં ઘણીવાર ફરવા જતા. ખૂબ સારી જગ્યા છે.

એ ભાઇઓનું પ્રારબ્ધ પાકી ગયેલું. પરિણામે માએ પોતે કૃપા કરી કહ્યું.

એટલે જેના જે જે કુળદેવતા હોય તેને જ તેણે આરાધવા.

**પ્રશ્નઃ—**મારા પિતાજી, દાદાજીના એકલિંગજી મહાદેવ દૃષ્ટિદેવ છે. પણ હું ગાયત્રી જપુ છું. હું બ્રાહ્મણ છું.

**પૂ.શ્રીઃ—**તો પછી તમે ૐ નમઃ શિવાય જ જપો ને! પંચાક્ષર પરમપવિત્ર મંત્ર છે. ગાયત્રી મંત્ર ૧૦ જપવા એ બ્રાહ્મણનો નિયમ છે.

**પ્રશ્નઃ—**ગુરુ, મંત્ર લીધો હોય તો પણ ગાયત્રી જપ કરી શકાય?

**પૂ.શ્રીઃ—**ઇષ્ટમંત્ર જ જે ગુરુ પાસેથી મળ્યો હોય તે જ જપવો. એક માળા બીજા મંત્રની કરવી પણ વધારે તો ગુરુ મંત્ર જ. જીવન ટૂંકું છે. પ્રયોગોમાં જ જીવન તો પૂરું થશે, માટે



ઇષ્ટમંત્ર જ જપવા માંડો.

બીજા થોડા પ્રશ્નો પૂછાય છે. પછી મુલાકાત પૂર્ણ થાય છે. સૌ વિદાય થાય છે. મોરબીવાળા પણ વિદાય થયા. પૂ.શ્રીએ આરામ કર્યો.

આરામ કરતાં પહેલાં પ્રવચનમાં આ વરસે નિયમિત રીતે આવનાર ડો.શ્રી હીરાભાઇ પૂ.શ્રીને મળે છે.

સાંજે ૫ વાગ્યા સુધી પૂ.શ્રી આરામ કરે છે. આજે પ્રવચન સ્થળે સમયસર પહોંચી જવાનું બને છે. પ્રવચનબાદ દરરોજની જેમ શાંતિ રહેતી નથી. પરિણામે પૂ.શ્રી થોડીવાર બાદ ઉભા થઇ જાય છે ને શાંતિથી ભાવિક ભાઇબહેનોની બે તરફ થયેલી કતારની વચ્ચેથી પસાર થઇ જાય છે.

આ નવા ધ્યાનકેન્દ્રના ભાઇઓએ આજે ફોટાઓ પાડ્યા. આજે ધ્યાનકેન્દ્રના સૌ ભાઇબહેનોને સમૂહ ભોજન આપના હતા. ધ્યાનકેન્દ્રનો કાર્યક્રમ હતો. પૂ.શ્રીએ એમાં ભોજન માટે ના પાડી. પરિણામે પ્રવચન બાદ પૂ.શ્રી તો ઉતારા ઉપર આવી ગયા.

દૂધ, ફળ વગેરે લઇ આરામ કર્યો.

**(ક્રમશઃ)**

શા માટે આપણાં પવિત્ર કાનને સંસારની વાતોથી દૂષિત કરવું?

**—મા**

# પ્રશ્નોત્તરી—દર્શન અને ચમત્કાર

—શ્રી યોગેશ્વરજી

**પ્રશ્ન** : ઈશ્વરદર્શન કે આત્મસાક્ષાત્કારને સિદ્ધિ કે ચમત્કારોની સાથે કાંઈ સંબંધ ખરો ?

**ઉત્તર :** તમારો પ્રશ્ન મને બરાબર સમજાયો નહીં. તમારે શું કહેવાનું કે, પૂછવાનું છે તે મને સ્પષ્ટ રીતે કહી શકશો ખરા ?

**પ્રશ્ન :** મારો પ્રશ્ન એ છે કે જેને ઈશ્વરદર્શન કે આત્મા સાક્ષાત્કાર થઈ જાય છે, તેની અંદર સિદ્ધિઓ કે ચમત્કારો કરી બતાવવાની શક્તિ આવે છે ખરી ?

**ઉત્તર :** ઈશ્વરદર્શન કે આત્મા સાક્ષાત્કાર એ જ મોટામાં મોટી સિદ્ધિ છે. એને તમે કોઈ સાધારણ સિદ્ધિ ન સમજતા. કેટલાય વર્ષોના સતત પુરુષાર્થ પછી એ સર્વોત્તમ સિદ્ધિની પ્રાપ્તિ થઈ શકે છે. એથી વિશેષ સિદ્ધિ બીજી કઈ છે ? છતા પણ જો તમે બીજી સિદ્ધિઓ અને ચમત્કારો કરી બતાવવાની શક્તિના સંબંધમાં પૂછતા હો, તો કહેવું જોઈએ કે જેને ઈશ્વરદર્શન કે આત્માસાક્ષાત્કાર થઈ જાય છે, તેની અંદર એવી શક્તિ કે સિદ્ધિ હોવી જ જોઈએ અથવા હોય છે જ એવું નથી. એવી સિદ્ધિ કે શક્તિ વિના એના આધ્યાત્મિક વિકાસમાં કશો જ અંતરાય નથી આવતો. જીવનની ધન્યતાનો આનંદ પણ એના વિના એ લૂંટી શકે છે અને જીવનની પૂર્ણતા પણ મેળવી લે છે. કેટલાય ઈશ્વરદર્શી કે આત્માસાક્ષાત્કારી પુરુષોમાં બહારની સિદ્ધિઓ નથી દેખાતી છતાં પણ તે પરમ શાંતિને પામી ચૂકેલા, આત્મતૃપ્ત



ને મુક્ત હોય છે. સિદ્ધિઓ હોય તો કાંઈ ખોટુંયે નથી અને ના હોય તો નુકસાન પણ નથી. મારો કહેવાનો આશય એટલો જ છે કે આત્મિક વિકાસની પરિપૂર્ણતાએ પહોંચવા માટે, સિદ્ધિઓ કોઈ અનિવાર્ય અને સર્વસામાન્ય આવશ્યકતા નથી અને આત્મિક વિકાસની પરિપૂર્ણતાએ પહોંચ્યા પછી પણ સિદ્ધિઓ એની નિશાનીરૂપ નથી બનતી.

**પ્રશ્ન :** ઈશ્વરદર્શન અથવા આત્મસાક્ષાત્કાર વિના પણ કોઈને સિદ્ધિઓ મળી શકે ?

**ઉત્તર :** જરૂર મળી શકે. સિદ્ધિઓ મંત્રથી, તપથી, ઔષધથી, કોઈ મેલી વિદ્યાથી અને બીજી અનેક રીતે મળી શકે છે, દરેક વખતે તેનું ઉગમસ્થાન કે મૂળ આધ્યાત્મિક જ હોય છે એવું નથી હોતું. કોઈવાર આધ્યાત્મિક વિકાસને પરિણામે પણ એમની પ્રાપ્તિ થાય છે. એટલે એ કેવી રીતે પ્રાપ્ત થાય છે, કોઈ સાધારણ લૌકિક સાધનાથી, મેલી વિદ્યાથી કે આત્મિક સાધનાથી, તે તમે પોતે જ્યાં સુધી ન જાણો ત્યાં સુધી નક્કી ન કરી શકો અને એ વિશે અભિપ્રાય પણ ના આપી શકો.

**પ્રશ્ન :** શાસ્ત્રોમાં સિદ્ધિઓથી દૂર રહેવાનું કહ્યું છે. તેનું કારણ ?

**ઉત્તર :** તેનું કારણ બીજું તો શું હોય ? માનવમનની નિર્મળતા તથા વિષયપરતા, એ બંને જાતની કમજોરીને લીધે માણસને માટે સિદ્ધિઓમાં ફસાઈ જવાનો તથા વિષયલોલુપ થવાનો અને એવી રીતે સાધનાના વિકાસ ને સાચા માર્ગને ભૂલી જવાનો હંમેશા ભય રહે છે. એ ભયનો વિચાર કરીને જ સાધકોની સલામતીને માટે, એમને સિદ્ધિઓથી દૂર રહેવાનું અથવા તો સિદ્ધિઓની લાલસા નહીં રાખવાનું કહેવામાં આવ્યું

છે. જેમનું મનોબળ મજબુત છે અને જે ભોગપરાયણ કે વિષયલોલુપ નથી તેમણે સિદ્ધિઓથી ડરવાનું કારણ નથી. તેમને સિદ્ધિઓ મળશે તો પણ તે તેમનાથી બંધાશે કે અંજાશે નહિં અને પથચ્યૂત પણ નહિ થાય. સિદ્ધિઓનો ઉપયોગ તે પોતાના ને બીજાના ભલા માટે જ કરશે.

**પ્રશ્ન:** સિદ્ધિઓની પ્રાપ્તિને માટે કોઇ વિશેષ પરિશ્રમ કરવો પડે છે કે આપોઆપ જ આવે છે?

**ઉત્તર:** તપ અને મંત્રના અનુષ્ઠાન જેવો વિશેષ પરિશ્રમ કરવો પડે છે અથવા તો બીજી સાધના કરવી પડે છે પરંતુ સાધનાના માર્ગમાં અમુક અંશે આગળ વધતાં હૃદયશુદ્ધિ સધાતાં, પરમાત્માને માટેના પરમ પ્રેમનો ઉદય થતાં, અથવા તો ઈશ્વરદર્શન થતાં કેટલીક સિદ્ધિઓ વિકાસની નૂતન ભૂમિકાની પ્રાપ્તિને પરિણામે આપોઆપ અથવા તો સ્વાભાવિક રીતે જ પ્રાપ્ત થાય છે. ફૂલની પાસે જવાથી જેમ સુવાસની, નદીની પાસે જવાથી નીરની, ને સૂરજની પાસે પહોંચવાથી પ્રકાશની પ્રાપ્તિ થાય છે તેમ. એટલે મારી તો સલાહ છે કે સિદ્ધિઓની પ્રાપ્તિને માટે વિશેષ પરિશ્રમ કરવાને બદલે, બનતો બધો જ પરિશ્રમ ઈશ્વરદર્શન કે આત્મસાક્ષાત્કારને માટે જ કરવો. જેથી જીવનનું સાચા અર્થમાં કલ્યાણ કરી શકાય અને વિકાસના ક્રમમાં જે સિદ્ધિઓ સ્વાભાવિક રીતે જ પ્રાપ્ત થાય, એમનો અનાદર ન કરવો, એમને અપનાવી લેવી. બાકી સિદ્ધિઓનો મોહ કે અભરખો ન રાખવો. મોહ માત્ર ઈશ્વરનો જ હોવો જોઇએ.

### દર્શન અને ત્યાગ

**પ્રશ્ન:–**ઈશ્વરદર્શનને માટે સંસાર ત્યાગની જરૂર ખરી?



સંસાર પ્રત્યે વૈરાગ્ય ઉત્પન્ન ન થાય, અને શુદ્ધ પ્રેમ રાખી શકાય, તો ઈશ્વરદર્શન થઇ શકે કે નહીં?

**ઉત્તર:–**ઈશ્વરદર્શનને માટે સંસારનો ત્યાગ કરવો જ જોઇએ એવો કોઇ નિયમ નથી. કોઇને માટે એવો ત્યાગ ઉપયોગી અથવા તો અનિવાર્ય હોય તો તે ભલે કરે. પરંતુ બધાએ એનું આલંબન લેવું જ જોઇએ એવું નથી સમજવાનું. ઈશ્વરદર્શનની ઉત્કટ ભૂખ લાગી હોય, એવી કોઇક વિરલ, અસાધારણ આધ્યાત્મિક સંસ્કારથી સંપન્ન વ્યક્તિ, સંસારની પ્રવૃત્તિઓમાં મનને પરોવી જ ન શકે માટે, એ પ્રવૃત્તિઓને સહજ રીતે જ મૂકી દઇને એકાંતનો આધાર લે એ સમજી શકાય એવું છે. એવા એકાંત સેવનથી સાધના પ્રત્યેની અભિરુચિવાળા સાચા સાધકને લાભ પણ થાય છે. પરંતુ એવી યોગ્યતા બહુ જ ઓછા સાધકોમાં હોઇ શકે છે એટલે ઈશ્વરદર્શનની અભિલાષાવાળા બધા જ માણસોને સંસારત્યાગની જરૂર છે એવું ન કહી શકાય. સંસારની પ્રવૃત્તિઓ કરતાં કરતાં, અને વ્યાવહારિક ફરજો બજાવતાં જ, તેમણે ઈશ્વરનો સાક્ષાત્કાર કરવા માટેના પ્રયાસો કરવા જોઇએ. એવા પ્રયાસોને પરિણામે માણસ ઈશ્વરદર્શી બની શકે છે. એ માટે કોઇ બાહ્ય ત્યાગની એટલી આવશ્યકતા નથી, જેટલી અંદરના ત્યાગની. સંસારમાં રહીને એવો ત્યાગ કેળવી શકાય છે. તેવા ત્યાગને કેળવવામાં વૈરાગ્ય ભારે મહત્ત્વનો ભાગ ભજવે છે. વૈરાગ્યને કેળવ્યા વિના શુદ્ધ પ્રેમ કેવી રીતે આવી શકશે? વૈરાગ્ય નહીં હોય અલબત્ત, મનનો વૈરાગ્ય તો પ્રેમને બદલે મોહ જ પેદા કરશે. નિર્મમતાને ઠેકાણે આસક્તિ જ વધતી જશે. વૈરાગ્યના પાયા વગર શુદ્ધ પ્રેમની ઇમારત ચણી

શકાતી નથી, ને તે વિના ઈશ્વરદર્શન પણ શક્ય નથી—કદાપિ નહીં.

**પ્રશ્નઃ—**વૈરાગ્યનો સાચો અર્થ શું થાય? તે સમજાવવા કૃપા કરશોજી.

**ઉત્તરઃ—**વૈરાગ્યને લોકો જેમ માને છે તેમ, બહારના વૈશપલટા કે દેખાવ સાથે એટલો સંબંધ નથી, જેટલો મનની ભૂમિકા સાથે છે. વૈરાગ્ય એટલે સંસારના વિષયોમાંથી રાગનો અભાવ. એ અભાવની સિદ્ધિ ક્યારે થાય તે જાણો છો? વિવેકની જ્યોતિ જ્યારે હૃદયમાં સંપૂર્ણપણે પ્રકાશી ઊઠે ત્યારે ત્યારે વિવેકની જાગૃતિ થતાં સમજાય છે કે સંસારના બધા જ પદાર્થો નાશવંત છે. કાયમી શાંતિ તો કેવળ પરમાત્માની પ્રાપ્તિથી જ મળી શકે છે. એવો જ દૃઢ નિશ્ચય, એને પરિણામે ચિત્તની અખંડ જાગૃતિ તથા સાંસારિક વિષયો પ્રત્યેની ઉપરામતા એને વૈરાગ્ય કહેવામાં આવે છે. મન જ્યારે પરમાત્માને જ ચાહતું, ઝંખતું, ને પરમાત્મામાં જ રસ લેતું થાય, ત્યારે વૈરાગ્યની પૂર્ણાહૂતિ થાય છે.

**પ્રશ્નઃ—**મન પર સહેલાઈથી કાબૂ મેળવવા માટે એકાંતવાસ લાભકારક ખરો?

**ઉત્તરઃ—**અવશ્ય લાભકારક છે. પરંતુ એ એકાંતવાસ જડ નહી પરંતુ વિવેકપૂર્વક હોવો જોઈએ. ધ્યેયની સિદ્ધિને માટે સાધનરૂપ હોવો જોઈએ તથા સાધનાથી સંયુક્ત થવો જોઈએ. એ દૃષ્ટિથી વધારે કે ઓછા વખતને માટે એકાંતવાસ કરો તો મનને એકાગ્ર, સ્થિર કે સંયમી કરવામાં જરૂર મદદ મળે. વ્યવહારમાં



માણસની મોટા ભાગની શક્તિ, અને માણસનો મોટા ભાગનો સમય, પ્રતિકૂળ વાતાવરણને અનુકૂળ કરવામાં જ વપરાઈ જાય છે. જ્યારે એકાંત વાતાવરણમાં એ સમસ્યા ઉત્પન્ન જ નથી થતી. ત્યાં તો કેવળ ધ્યેયને માટે આદુ ખાઈને સાધના કરવાની જ રહે છે. પરિણામે કામ સરળ બને છે. વરસોની સાધના પ્રમાણમાં બહુ જ ઓછા વખતમાં સિદ્ધ થઈ શકે છે. ત્યાં વાતાવરણની સામે ઝઝૂમવાનું છે જ નહીં. ત્યાં કામ, ક્રોધ, મદ, મત્સરના પ્રસંગો જ ઊભા નથી થતા. એટલે એમની સામે મોરચો માંડવાનો પ્રશ્ન જ નથી રહેતો. એટલા જ માટે, જેમને થોડા વખતમાં આત્મોન્નતિની સાધનામાં કોઈ નોંધપાત્ર સફળતા મેળવવી હોય, તેમણે થોડો વધારે વખત એકાંત સેવન કરતાં શીખવું જોઈએ. એમ કરવાથી પણ મોટો લાભ થશે. મનને વશ કરવું કે જીતવું એકાંતમાં સહેલું થઈ પડે છે. અમુક પ્રકારની ધ્યાનાદિ સાધના તે એકાંત વિના થાય જ નહીં.

**પ્રશ્નઃ—**કોલાહલમય વાતાવરણમાં કે વધુ પ્રવૃત્તિ કરતાં મન અસ્વસ્થ બને છે તેનું કારણ?

**ઉત્તરઃ—**તેનું કારણ અંદરનું છે. સાધનાની શરૂઆતની તથા વચગાળાની દશામાં એવું થયા કરે છે. આ દશામાં મન હજુ સંપૂર્ણપણે વશ થયું નથી હોતું તે શાંતિને ઝંખતું હોય છે. એટલે અશાંત વાતાવરણ એના પર બહુ ભારે પ્રત્યાઘાત પાડનાર હોય છે. જેમ જેમ તે શાંત ને સ્થિર થતું જશે તેમ તેમ એ સમસ્યા ઉકલતી જશે.

# પૂ.શ્રીમાની સંનિધિનાં નૂતનવર્ષના પાંચ દિવસ પૂર્ણ

(ગતાંકથી શરૂ) —ડૉ.બી.જે.જાગાણી

ગઇકાલે તો નવા વર્ષનો પ્રારંભ થયો. પૂ.શ્રીમા મોડે સુધી ભક્તોની વચ્ચે હતાં. આજે તા.૮/૧૧/૨૦૧૦ના પ્રભાતે ૫ થી ૬ દરમિયાન ફરી ભક્તોની વચ્ચે જપયજ્ઞમાં આવી ગયાં. ન થાક, ન કંટાળો, ન પ્રમાદ, ન કોઇ પ્રશસ્તી. બસ! શ્રી હરિમાં જ મસ્ત ને શ્રી હરિમાં જ વ્યસ્ત. આ બધું ખુલ્લી કિતાબ સમાન જ, ભક્તો દર્શન કર્યા કરે છે, જપ કરે છે ને પૂ.શ્રીમા વિચરણ કરતાં કરતાં જપ કરે છે. પોતાના ઈષ્ટને આ રીતે જપ કરતાં કરતાં જોવાં, દર્શન કરવાં એ જ જાણે સાધના ને એ જ જાણે આરાધના આ ભક્તો માટે બની ગઇ છે.

આજના પ્રભાતનું સત્કર્મ રોજની જેમ જ દ્વાર પર થાય છે. આદિવાસી કઠિયારા ભાઇ બહેનોને બિસ્કીટ, વાસણ, ટુવાલ ને પાત્ર શ્રીવિઠ્ઠલભાઇ ગોહિલના પરિવાર, શ્રી વિનોદભાઇ પટેલના પરિવાર તરફથી અપાય છે.

સત્કર્મ ને સાધના જ અહીં પ્રધાનપણે જીવંત બનીને સાધકોના મન, અંતરે ને શરીરે પથરાઇ ગયાં છે. પૂ.શ્રી ૧૨/૧૧/૧૯૮૩માં દક્ષિણ આફ્રિકામાં પ્રિટોરિયામાં ભક્તોને ભક્તિના મહિમા પર આપેલું પ્રવચન ડી.વી.ડી. માધ્યમથી સંભળાવાય છે. પૂ.શ્રીમા પ્રિટોરિયામાં ઉપસ્થિત હતાં અને આજે આ પ્રવચનમાં પણ ઉપસ્થિત છે. જાણે પ્રવચનનાં શાશ્વત



સાક્ષી બનીને સૌને પ્રેરક બની રહ્યાં છે. પ્રવચનમાં પીરસાતું જ્ઞાન જ પૂ.શ્રીમામાં મૂર્ત બની રહ્યું છે, એવું સૌ માની રહ્યાં છે. પૂ.શ્રીની અમૃતવાણીમાં પીરસાતું જ્ઞાન ને તે જ્ઞાનનું મૂર્ત—સાક્ષાત્ સ્વરૂપ એટલે મા. અહીં બે ધારા, પ્રવાહનો સંગમ છે. આ રહ્યો પ્રવચનનો સાર. સૌને જગાડનારું એક પદ પૂ.શ્રી ગાય છે.

તારું જીવન વેગે વહી જાય
પ્રેમ કરી પ્રભુને ભજી લે.
મોઘું જીવન વેગે વહી જાય
પ્રેમ કરી પ્રભુને ભજી લે.
સોનાની ખાણ મળે નિર્ધનને જેવી,
મોંઘેરી જિંદગી મળી તને તેવી,
તેને જાણે તો દળદર જાય—પ્રેમ કરી....
સેના છે નાની ને મોટો મહારથી,
રથમાં બેઠેલો છે તેવો મોટો રથી,
જેને સેવ્યાથી સિદ્ધ બધું થાય—પ્રેમ કરી...
દુનિયાના રંગોને જોઇ ના ભૂલતો,
મોહ અને મમતાના ઝૂલે ના ઝૂલતો,
ઝૂલી પ્રભુના પરમરસમાય—પ્રેમ કરી....
પાગલ કહે પ્રભુને ભજવામાં સાર છે,
પ્રભુની સાથે જ જેણે જોડેલો તાર છે,
તેને સેવ્યાથી સિદ્ધ બધું થાય—પ્રેમ કરી.

★ જીવે પોતાના પરમ કલ્યાણ માટે ભગવાનનું ભજન કરવું જોઇએ. ભજનનો અર્થ એટલો છે કે પરમાત્માની સાથે સંબંધ સ્થાપવો. જેની સાથે સંબંધ બાંધ્યો હોય તેનું સ્મરણ ગમે છે.

★ પરમાત્માનું સ્મરણ થવાથી, સંબંધ બાધવાથી પરમાત્મા ધ્યાન રાખે છે, સ્વાનુભવ થાય છે. જે શક્તિનું ધ્યાન કરીએ છીએ તે આપણું ધ્યાન રાખે છે. સારી પેઠે સ્મરણ કરીએ, ધ્યાન કરીએ, પ્રયત્નશીલ બનીએ તો પરમકૃપાનો વરસાદ વરસે છે. પરમાત્મામાં થોડી પણ શ્રદ્ધા રાખે છે તેને ચિંતા કરવાની જરૂર નથી રહેતી.

★ પરમાત્માની અંદર જે મન પરોવે છે તેને પરમાત્મા શાંતિ આપે છે. મોહ, વાસનામાંથી મુક્તિ મળે છે. પરમાત્મા સાથેનો સંબંધ તાજો કરવો જોઇએ.

★ ધન, મકાન, પરિવાર, લગ્નની આવશ્યકતા છે તેમ પરમાત્માની આવશ્યકતા પણ જોઇએ. તેમાં શ્રદ્ધા હોય તો નિર્ભયતા આવી જાય છે, નિત્ય નિરંતર શાંતિ મળે છે.

★ શિવોહં, સોહં, અહં બ્રહ્માસ્મિ જેવી ગોળીઓ લો. હું શુદ્ધ છું, બુદ્ધ છું, મુક્ત છું, સચ્ચિદાનંદ સ્વરૂપ છું, મને રાગ નથી, દ્વેષ નથી, ભય નથી, ક્રોધ નથી, કામ નથી એવો ભાવ રાખો. શાસ્ત્રો કહે છે કે તમે પરમાત્માના અંશ છો, પુત્ર છો, તેનું ધ્યાન કરો તો નથી શક્તિ મળશે. ચિંતા નહીં રહે. આનંદ મળશે.

★ સીતામાતાની શોધ માટે શ્રી હનુમાનજી શ્રી રામની આજ્ઞાથી લંકામાં ગયેલા,શ્રી સીતામાએ હનુમાનજીની શક્તિ વિશે સવાલ કરેલો ત્યારે શ્રી હનુમાનજીએ શ્રી રામની શક્તિનુ વર્ણન કરીને, પોતાનું વિરાટરૂપ બતાવ્યું.

"અમે નાના અમારી ના શક્તિ નાની
ના શક્તિ નાની, ના ભક્તિ નાની"

(એ પદ પૂ.શ્રી રોચક રીતે ગવરાવે છે ને દૃષ્ટાંત પણ રજૂ કરે છે.)



★ તું તો સૌમાં રહેનાર, પોષનાર આત્મતત્ત્વ છો, શાંતિ સ્વરૂપ છો, છતાં બહાર શોધે છો. ખિસ્સામાં ઘણી રકમ છે છતાં બહાર શોધે છે. કારણ તેની વિસ્મૃતિ થઇ છે.

હું છું નિત્ય નિરંજન,
હું સ્વતંત્ર સ્વાત્માનંદન
હું નિઃસ્પંદન
પરમાત્મ ચિદ્ઘન બ્રહ્મ ૐ

(આ ધૂન ખૂબ ભાવપૂર્વક પૂ.શ્રી ગવરાવે છે. આ માટે ડી.વી.ડી. જોવી જ પડે)

★ તારું શરીર કપડું છે. તું અજર અમર છે. ઋણાનુંબંધો પૂરાં થતાં ચાલ્યાં જશે. પ્રત્યેક પરિસ્થિતિમાં છે, હતા અને રહેશે તે પરમાત્મા જ તારા છે. તું આત્મામાં સ્થિતિ કર. કર્તવ્યોનું અનુષ્ઠાન નિષ્કામતાથી, રાગ–દ્વેષ છોડીને કર્મ કર. તું મુક્ત છે.

★ કર્તવ્યો કરો. પરમાત્મામાં સ્થિતિ કરો. ભક્તિ પણ કરો. વૈરાગ્ય મીરાં, મા સર્વેશ્વરી જેવો થાય, ત્યારે પાકેલા પાંદડા ખરે તેમ કર્તવ્યો છૂટી જશે. સ્વરૂપને ભૂલતાં નહીં. સંસારમાં તમે પ્રવાસી છો. ભાડૂત છો. માલિક નથી. ચાલવાનું છે. શાંતિપૂર્વક, ફરિયાદ વિના. સંતોષથી જવાનું આયોજન કરો.

★ જીવનને નિર્મળ રાખવું, પ્રભુ પરાયણ રાખવું, બીજાને માટે વાપરો. પરમાત્માપ્રેમી જીવન તારે છે. કર્મો શરીરથી કરો પણ અહંકાર, રાગ–દ્વેષ વિના કરો. તો જીવન શાંતિમય થઇ જાય.

પૂ.શ્રીની અમોઘ અમૃતવાણીનું એક એક વાક્ય જીવનનૌકા બનીને સૌ સાધકને રુચિ પ્રમાણે સ્વરૂપે વરસતું હોય તેમ સૌને

લાગે છે, સૌ અનુભવે છે. આત્માનું ભોજન ભરપૂર મળ્યું હવે શરીરને ભોજન મળે છે. બપોરના ૧૨:૧૫ કલાકે શ્રી વિનોદભાઇ પટેલ તરફથી ભાવપૂર્ણ ભોજન અપાય છે. સૌ ભક્તો પ્રેમથી આરોગે છે. આભાર પણ વ્યક્ત કરે છે.

બપોરની ૩:૦૦ કલાકની બઠેક પ્રારંભ પામે છે. પૂ.શ્રીમાના કરકમળમાં ડાયરી છે. બેઠક પર બિરાજે છે. લાક્ષણિક રીતે આવતીકાલના બાળ સત્કર્મની વાતો કરે છે. બાળકોની આખા વર્ષની બચત ગલ્લામાં લક્ષ્મી સ્વરૂપે અહીં આવે છે. અભાવગ્રસ્તોને તેમાંથી વસ્તુઓ દાન સ્વરૂપે અપાય છે. આ પ્રસંગ બાળકો માટે ખૂબ આકર્ષક બની ગયો છે. બચતનો આનંદ, ગલ્લા પૂ.શ્રીમાને અર્પવાનો આનંદ, ગલ્લાની લક્ષ્મીમાંથી થતું દાન ને પૂ.શ્રીમા તરફથી મળતી ભેટ, દર્શન, પ્રસાદ પ્રાપ્તિનો આનંદ બાળકો માટે ખૂબ જ આકર્ષણનું પર્વ બની ગયું છે.

વનવિશ્રામની ડાયરીના પૃષ્ઠો વંચાય છે. ૧૫ ઓગષ્ટ ૨૦૧૦ની ઉજવણીનું વર્ણન પૂ.શ્રીમાએ ડાયરીમાં કર્યું છે. પૂ.શ્રીના પાગટ્યનું વર્ણન એ પૂ.શ્રીનો આભાર માનવાની રીત ભક્તોને શીખવે છે. એ માટે ડાયરી વાંચવી પડે ને તપવું પડે. રાત્રીની બેઠકમાં મુંબઇના ચિન્મયની સત્યઘટના વિશે પૂ.શ્રીમા ભાવપૂર્વક વાતો કરે છે. એ ઘટનાએ ડાયરીમાં કેવો શબ્દ વિહાર સર્જ્યો છે. તે વંચાય છે. એ ચિન્મય માટે પૂ.શ્રીમાએ પદ રચ્યું છે, તે જ તે ઘટનાનો સાર છે. (રાગ—મૂર્તિમાંથી માધવ પ્રગટે)

ઉઘાડી આંખે આશીર્વાદનો
થાળ લઇને આવ્યો.



દર્શન યમદૂતોના કરાવી
હરિએ પાછો વાળ્યો,
એ છે પ્રભુનો પ્યારો બાળ
એની પ્રભુ લે છે સંભાળ—એ છે પ્રભુનો..
હરિ હેતના હીંચકે ઝૂલીને
હળવેથી એ ફાવ્યો
વેદના કેરી વસમી વાટે
વરદાન લઇ આવ્યો—એ છે પ્રભુનો
સર્વ સ્વજની પ્રાર્થના કેરો
પ્રત્યુત્તર લઇ આવ્યો
સાત દિવસના સમરાંગણમાં
વિજયી બનીને આવ્યો—એ છે પ્રભુનો
શ્રદ્ધા ભક્તિનો દીવડો ધરીને
તિમિર હટાવવા આવ્યો
જગન્નાથના મંદિર કેરો
પ્રસાદ બનીને આવ્યો—એ છે પ્રભુનો..

શાસ્ત્રોમાં કથાઓ સાંભળીએ છીએ કે પ્રભુએ ભક્તને ઉગાર્યો. અહીં પણ પ્રભુએ ચિન્મયને ટ્રેઇનના અકસ્માતમાંથી પોતાની દિવ્ય શક્તિથી બચાવી લીધો. એ માટે પ્રભુને થેંક્યુ કહેવા પૂ.શ્રીમાએ જ પદ બનાવ્યું, સાંભળનારા ભક્તો ને ચિન્મય હાજર છે અરે! ઉગારનાર, બચાવનાર ને આભારનું પદ રચનાર પણ હાજર છે, સ્વયં છે, પ્રગટ છે ને ઉપસ્થિત છે. કેવો સુભગ સમન્વય! એટલે જ પૂ.શ્રીએ વર્ષો પહેલાં કહેલું કે "માને અલ્પ જીવો ઓળખશે, જે ઓળખશે તે ધન્ય થશે." ક્યારેક ક્યારેક પૂ.શ્રીમા પોતાના સમગ્ર અસ્તિત્ત્વની ઓળખ

પ્રેમી ભક્તોને આવી રીતે આપીને દૃષ્ટિનું દાન પણ કરે છે. પૂ.શ્રીમા પણ આ ઘટનાને સ્લેટમાં લખીને વર્ણવે છે.

"મા: ચિન્મયને યમદૂતના દ્વારેથી શ્રી હરિએ પાછો વાળ્યો. સાત દિવસના સમરાંગણમાં જીતીને આવ્યો છે. સ્વજનોની અંતરની પ્રાર્થનાનો પ્રત્યુત્તર બનીને આવ્યો છે. એની કથા અદ્ભુત, રોમાંચક, કોઇ પરિકથા જેવી લાગે છે. પણ છે સત્ય. તે વાંચો તો આપણી શ્રદ્ધા, ભક્તિ દૃઢ બને. પ્રભુ કેવા સતત પડખે રહ્યા. માર્ચની ૨૦, ૨૦૧૦નો આ પ્રસંગ છે. માર્ચ ૨૦, ૧૯૮૪ આપણા ગુરુદેવ પ્રભુનો અંતિમ સંસ્કારદિન. તે દિવસે ચિન્મય ખોવાઇ ગયો. ૪–૫ કલાકે મુંબઇમાંથી મળ્યો. સંપૂર્ણ બેભાન, ૭ દિવસ સુધી લડત આપી. વેન્ટીલેટર પર મૂકેલો. યમરાજ પાસેથી આ ચિન્મયને શ્રીહરિ લઇ આવ્યા."

રાત્રીની બેઠકમાં રોજની જેમ પૂ.શ્રીમાની સંનિધિ વિશેષ માણવા, કૃપા મેળવવા, પ્રસાદ પામવા, વિશેષ દર્શન કરવા, મા–પ્રભુના થઇ જવા માટે સાંસ્કૃતિક કાર્યક્રમો રજૂ થયા. પ્રસાદ મળ્યો. પાંચ દિવસની આ સંનિધિ પૂર્ણ થઇ. એનું વર્ણન પણ અહીં પૂર્ણ થયું. બાકી પૂ.શ્રીમાની અખંડ લીલા તો ચાલુ જ છે. એ માટે પૂ.શ્રીમાની હરિની શબ્દયાત્રા વાંચવી રહી, એ માટે સંનિધિ ઝંખવી રહી, એ માટે સ્વર્ગારોહણ જવું રહ્યું, એ માટે 'અધ્યાત્મ' માસિક વાંચવું રહ્યું. **(સંપૂર્ણ)**

★ બધા સગપણનો સરવાળો 'મા'નો સ્વજન શામળિયો.
★ સર્વસમર્પણ હશે તો શ્રીહરિ હળવેથી ઊંચકી લેશે.
★ હસો, હસો ને વસો. જ્યાં વસવાનું છે ત્યાં જ વસો.

**–મા**



# બે માતાઓના ખોળે

**–જ્યોત્સ્ના ત્રિવેદી**

યોગેશ્વર પરિવાર બે માના અંકે છે એક મા છે સર્વેશ્વરી મા, અને બીજાં છે ગંગા મા. પૂ.શ્રીની લીલાસંવરણ પછી શ્રી શ્રી મા નિયમિત ગંગા અંકે પધારે છે, પણ આ વર્ષે તો એક દોઢ માસમાં જ પાછું જાણે ગંગાજીનું તેડું આવ્યું અને યોગેશ્વર પરિવારના સાધકો માત્ર પાંચ દિવસ માટેય ગંગાજીના અંકે પરિ તૃપ્તિ પામવા દોડી આવ્યા.બન્ને માતૃઅંકે જાણે પ્રેમના પ્રવાહમાં પલળીને આંતરિક શીતળતા પ્રાપ્ત કરી આવ્યા.

પૂ.મા કહે જેને ગંગા મા બોલાવે તેનાથી અવાય. ભર વેકેશનના સમયમાં ૮૪ જેટલા સાધક ભાઇબહેનો ગંગા કિનારે માતૃ અંકે આવી પહોંચ્યા. ગંગાજીએ જાણે તેડાં મોકલ્યા, ને મા સર્વેશ્વરીએ સાદ કર્યો. આ યાત્રા ડો.હીરાભાઇ તન્નાના અસ્થિ વિસર્જન નિમિત્તે હતી. શ્રી બિપીનભાઇ તન્નાના પિતાશ્રી એક આજીવન સેવાભાવી ડોક્ટર. જતાં જતાં પણ આ સહુને ગંગાકિનારાનું સાન્નિધ્ય અપાવતાં ગયા! તા.૨૦ એપ્રિલ થી ૨૫ એપ્રિલ સુધીની આ યાત્રા હતી.

૨૦મીને દિવસે બપોરે અસ્થિ અર્પણ વિધિ હતો. સહુ સાધકભાઇ બહેનોની પ્રાર્થના, ધૂન, ભજન અને સ્નેહલભાઇ દ્વારા પૂજન પામી ડો.હીરાભાઇના સ્થૂળ અવશેષોને ગંગા ગોદે અર્પણ કરવામાં આવ્યા. એક દોઢ માસ જેવા ટૂંકા ગાળામાં શ્રી મુકેશભાઇ અને શ્રી બિપીનભાઇએ માતૃછાયા અને પિતૃછાયા

ગુમાવી, પણ શ્રી શ્રી માની છાયાએ એ ખોટ ન લાગવા દીધી. પૂ.માનું માર્ગદર્શન ઉપયોગી ઠર્યું.

ડો.હીરાભાઇ તન્ના વ્યક્તિ તરીકે એટલા બધા સારા ને ક્ષમાશીલ કે સૌની નાની મોટી અવગણનાને ભૂલી જાય. સામાન્ય રીતે સામાજિક ક્ષોત્રમાં એવું બનતું આવ્યું છે કે સરળ વ્યક્તિ ખટપટનો ભોગ બને. ડો. હીરાભાઇના જીવનમાં પણ આવું બનતું તે જોઇને તેમના પુત્ર બિપિનભાઇને દુઃખ થતું, પરંતુ તેઓ કંઇ બોલી ન શકતા. કિન્તુ ડો.સાહેબ તો જાણે કંઇ બન્યું જ ન હોય તેમ તે ખટપટ કરનાર ભાઇ મળે તો તેમની સાથે ખૂબ પ્રેમથી વ્યવહાર કરતા. આવી ઉદારતા ને ક્ષમા ક્યાં જોવા મળે?

સ્વર્ગારોહણના મેડીકલ કેમ્પોમાં પણ તેઓ સ્વેચ્છાએ ખૂબ પ્રેમપૂર્વક સેવાઓ આપતા. હારીજ જેવા નાના ગામમાં તેમણે દર્દીઓની આજીવન સેવા કરી કદાચ તેઓ કોઇ શહેરમાં વસ્યા હોત તો ઘણું ધન કમાઇ શકયા હોત. પરંતુ પોતાના વતન પ્રત્યેના પ્રેમને લઇને તેમજ અહીંના ગરીબ લોકોની સેવા માટે જ તેમણે હારીજ ન છોડ્યું. પરિણામે અનેક ગરીબ, માંદા લોકોને દાક્તરી સારવારના નામે થતી લૂંટથી બચાવ્યા.

ગંગા તો સહુની મા છે—સત્કર્મીઓની પણ તેમજ દુષ્કર્મીઓની પણ. તે કોઇ ભેદભાવ નથી રાખતી. પરંતુ દુષ્કૃત્યો ધોતાં—ધોતાં તેનો ભાર વધી જાય ત્યારે સંતોના સ્પર્શથી તે ફરી પાવન બની જાય છે. આમ મા ગંગાને માટે તો સંતોનો સ્પર્શ જ પાવનકારી ઠરે છે. આમ કહી પૂ.મા સહજ રીતે પોતાની ઓળખ આડકતરી રીતે આપી દેતાં જણાય છે.



૨૨મી એપ્રિલે મા શ્રી મુકેશભાઇ પાસે ગંગા પૂજન કરાવી તેમનો જન્મોત્સવ ઉજવે છે. બધા જ સાધકો પાસે મુકેશભાઇને પુષ્પ અપાવડાવે છે અને પ્રિય એવા સલાડના શાકભાજીનો હાર અર્પણ કરે છે અને જન્મોત્સવ કેવી રીતે ઉજવવાં તેની એક નવી જ દિશાનું સૂચન કરે છે. વર્ષોથી આપણે સહુ મધુરાષ્ટક ગાઇએ છીએ પણ કૃષ્ણનું જ શા માટે? આપણું સમગ્ર જીવન મધુર થઇ જવું જોઇએ આપણા જીવનની મધુરતા પરિવારથી માંડીને સમાજ સુધી પ્રસરાવવી જોઇએ. સ્વામી રામતીર્થ કહે છે કે જે વ્યક્તિ પરિવારને પ્રેમ નથી કરી શકતો, તે પ્રભુને પણ પ્રેમ નથી કરી શકતો'' મધુરતા, પ્રેમ અને ક્ષમાથી જીવન જીવવું જોઇએ. આપણું જીવન માત્ર આપણા કે આપણા પરિવાર માટે જ નહીં બીજાઓના લાભ ને ભલા માટે પણ રહેવું જોઇએ.

બપોરે પૂ.શ્રીમા સહુને ફૂલચટ્ટી ગંગા માતાના ખોળે સ્નાન કરવા મોકલે છે. લગભગ ત્રણ બસ ભરેલા સાધકો સંકીર્તન કરતાં કરતાં રામજી નેશનલ પાર્કના રસ્તે થઇ શ્રી નીલકંઠથી માત્ર આઠ જ કી.મી. દૂર તેવા ફૂલચટ્ટીના સ્થાને સહુ સ્નાન કરવા જાય છે. (ઋષિકેષના લક્ષ્મણ ઝૂલાથી ૫ કી.મી. દૂર આ સ્થાન આવેલું છે.) અહીં ગંગાજીનો મુક્ત પ્રવાહ, સ્વચ્છ જળ, જળની ઉષ્ણતા સાથેની શીતળતા સહુને મંત્ર મુગ્ધ કરી દે છે! સાચા અર્થમાં જાણે સહુ નહાઇ લે છે. જાણે ગંગાની ગોદમાં ઉત્સવ ઉજવાઇ રહ્યો હોય તેવું દૃશ્ય ખડું થાય છે.

આ વર્ષે ૬ઠ્ઠી માર્ચે શ્રી શ્રી માએ ગંગાજીના સ્નાનનો અહીં લાભ લીધો હતો અને તેમણે અનુભવેલી અપાર શાંતિનો

ખજાનો સહુ ભક્તો માટે ખુલ્લો મૂક્યો હતો. મનભર સ્નાન કરીને સહુએ ત્યાં સાધના પણ કરી હતી. મન મૂકીને વરસેલી કુદરત. ઋષિમુનિઓની ધ્યાન સાધનાથી પાવન થયેલી તે પવિત્ર ભૂમિ ગંગાજીનું એક અદ્દકું સ્વરૂપ આપણને ઓળખાવતું હતું શ્રી શ્રી માની કલમે તો તેનો એટલો અપાર મહિમા લખાયો છે કે જેની સામાન્ય જનને તો કલ્પના પણ ન આવે. સ્નાન પછી બીજા દિવસે શ્રી શ્રી મા તે પણ સહુને શ્રવણ કરાવે છે. શ્રી પંડિતજી ગંગાજીની ઉત્પત્તિ અને શાસ્ત્રોમાં તેના મહિમાનું લખાયો કહી સંભળાવે છે.

બીજા દિવસે પણ શ્રી શ્રી મા પૂછે છે, ''ફૂલચટ્ટી કોને જવું છે?'' તો ૪૫ જેટલા ભાઇ–બહેનો તૈયાર થઇ જાય છે કારણ કે તેમને પૂ.માનું સૂત્ર 'કલ હો ન હો' 'કાલ કોણે દીઠી' યાદ છે તેથી જ સૌએ આ પાવન તીર્થમાં સ્નાન કરી કૃતાર્થતા અનુભવી.

પૂ.મા નામસ્મરણના મહિમા પર સત્સંગમાં હંમેશા ભાર મૂકે છે. તેનું કારણ તેના વડે આપણું પ્રભુ સાથે જોડાણ થાય છે. એટલું જ નહીં પણ તે આપણું રક્ષણ પણ કરે છે તેમજ જપ એવું સાધન છે કે જે બધાજ દુષ્કર્મોને ધોઇ નાખે છે. કપડાનો મેલ જેમ સાબુથી ધોવાય તેમ જપથી દુષ્કર્મોના સંસ્કારોનો મેલ ધોવાઇ જાય છે.

અંગત સત્સંગમા પૂ.માને પ્રશ્ન પૂછતા. તેમાં કેટલીક ખૂબ સરસ વાતો મા જણાવે છે.

**પ્રશ્ન :–**આપણે કંઇપણ કરવાનું નક્કી કરીએ તો વચ્ચે અવરોધો આવે જ છે.

**મા :–**તે જ તો કસોટી છે, પણ પૂરું તો કરી જ લેવું.



**પ્રશ્ન :–**સમજ છે, શ્રદ્ધા છે તપશ્ચર્યા છે છતાં પ્રભુ પ્રેમમાં ઉત્કટતા કેમ નથી આવતી?

**મા :–**પ્રત્યુત્તરમાં શ્રીમા એક પુસ્તકમાં ગુરુભક્તિ કેવી રીતે કરવી તેની સરસ વાતો વંચાવે છે.

૧. ગુરુને લાંબા થઇને દંડવત કરવામાં કશીય શરમ ન રાખવી.

૨. ગુરુને માનસ પૂજા કરતાં હોઇએ ત્યારે પ્રાર્થના કરવી. મારા હૃદયને તમારું કોમળ આસન બનાવો.

૩. ગુરુને જ્યારે જ્યારે વિશ્રામ કરવો હોય ત્યારે કહેવું મારા સહસ્રદલ ચક્ર(જે આપણા મસ્તિષ્કમાં આવેલું છે)ની કોમળ પાંખડીઓ પર વિશ્રામ કરો. આપની શય્યા બનાવો.

૪. વસ્ત્ર અર્પણ કરતી વખતે નિર્મળ અંતઃકરણરૂપી વસ્ત્રોનું પરિધાન કરાવવું.

૫.રોમ રોમથી કરાયેલા ગુરુના નામ જપનાં ભૂષણો અર્પણ કરવાં.

૬. ગુરુને વાહન અર્પણ કરતી વખતે સવાર થવા માટે બધી જ્ઞાનેન્દ્રિય, કર્મોન્દ્રિયો અને મનનું સારથિ પદ સોંપી દેવું.

૭. ગુરુને ગમતી ભૌતિક વસ્તુ અર્પણ કરતી વખતે આ તારું છે તને અર્પણ કરું છું. તેવો ભાવ રાખવો. મોટાઇ કે મિથ્યા પ્રદર્શન માટે લઇ જાવતો ગુરુ  પ્રસન્ન થતા નથી. ગુરુ ભાવ જુએ છે ભૌતિક વસ્તુનું તેમને મન કંઇ મૂલ્ય નથી.

૮. ગુરુની લીલામાં કરોળિયાની જેમ ગૂંચવાઇ જાવ જેથી સંસાર યાદ ન આવે.

૯.કોઈપણ ભગવાનની મૂર્તિ કે સ્વરૂપ સિવાય વસ્તુ ને સંપત્તિ જોયા ન કરો આંખ દ્વારા હૃદયમાં તેના સંસ્કાર પડે.

૧૦. ગુરુને એટલો ઉત્કટ પ્રેમ કરો કે જાણે તેને વેચાઈ ગયા.

૧૧. ગંગા કિનારે આવી પવિત્ર સ્થળનો સાધના માટે, નામ સ્મરણ માટે ઉપયોગ કરો. સંસારને ભૂલી જાવ. સંસારની વાતો પૂ.માને દુઃખ પહોંચાડે છે.

૧૨. બીન જરૂરી સંબંધોને કાપો. બધાને સલામ સલામ. આવતા જન્મોને પણ સલામ. કાતરની જેમ કાપતા જવાનું. બધા માટે ગુજરી જવાનું.

એ દિવસ પછી બીજે દિવસે જયભગવાન એક્યુ પ્રેશરના પ્રણેતા શ્રીનવનીતભાઈ શાહ પણ બેઠકમાં આવે છે. એક્યુપ્રેશરમાં સાઈનસ, બ્લડ પ્રેશર નિવારણના કબજિયાત જેવી તકલિફોના નિવારણ પોઈન્ટ બતાવે છે. પ્રયોગો પણ બતાવે છે. બીજે દિવસે પણ આવી આરોગ્યની સરસ વાતો કરી. સાધકોને સારવાર પણ આપી. જાણે આ યાત્રા આરોગ્ય યાત્રા બની રહી. શ્રી શ્રી મા કહે છે થ્રી 'D' થી બચો. ડોક્ટર, દવાખાનું, અને દવા અને તે માટે શ્રી નવનીતભાઈને મળો. તેમનાં પત્ની આપણા સહુ સાધક બહેનોને સારવાર આપે છે. શ્રી શ્રી મા પણ આનાથી પ્રસન્ન થાય છે.

ચોવીસ તારીખે મળસ્કે શ્રી શ્રી મા સ્વયં ફૂલચટ્ટીનું સ્નાન કરવા જાય છે. ત્યાં સરસ પ્રાર્થનાઓ થાય છે. માનું મન તો શાંત જ હોય છે, પણ અતિ શાંત બની જાય છે. શ્રી દીપકભાઈ ટેલરનો જન્મ દિવસ પણ સરસ રીતે ઉજવાય છે. બાળકોના



પ્રક્ષકાર શ્રીમા ચિ.શુકનને માતા પિતાની સાથેની પ્રતિકૂળ પરિસ્થિતિમાં કેવી રીતે વર્તવું તેનું માર્ગદર્શન આપે છે.

સમગ્ર યાત્રા આનંદ યાત્રા બની રહે છે. પૂ.શ્રી માની પ્રસન્નતા, કરુણા અને પ્રેમ વર્ષાથી સહુ ભીંજાય જાય છે. ગંગા માતાની કૃપા માટે કૃતકૃત્યતા અનુભવતા મા વહેલા તેડાવે એવી પ્રાર્થના કરી સહુએ ભીના હૃદયે વિદાય લીધી

હે મા ગંગા! તારા તો અનેક ઉપકારો સર્વ માનવો—પશુ, પંખીઓ પર છે. તારા ખોળે શાંતિ મળે છે, તેમાં પૂ.માનું સાન્નિધ્ય મળતાં તે શાંતિ બમણી થઈ જાય છે. અમારા તન અને મનના તાપો સંતાપોને હે મા ગંગા, તું શાંત કરી અમારા સંસારના બંધનોમાંથી મુક્તિ અપાવજે. ફરી ફરી પૂ.માના સાન્નિધ્યે અહીં અમને બોલાવતી રહેજે. યાત્રાના અંતમાં સહુના અંતરની એ પ્રાર્થના રહી.

માણસે રોજ પોતાની જાતને પૂછવું જોઈએ, મારો કમાયેલો પ્રત્યેક રૂપિયો સુખમાં રૂપાંતર પામે છે ખરો?

—મા

**સંદીપ વેલ્ડીંગ વર્ક્સ**

**ગ્રીલ, દરવાજા, તેમ જ મેઈન ગેટના સ્પેશ્યાલીસ્ટ**

તેમ જ

**દરેક જાતનું રીપેરીંગ કામ કરનાર.**

મોદી બંગલા,ઉમરા જકાત નાકા પાસે, **સુરત**-૩૯૫૦૦૭

# Never ever think that Maa is not listening

Ketan Bhai

Jai Krupalu Maa.

I got to know MAA sometime in my teens. I remember going ona trip in the states to a hotel in Syracuse, where MAA was giving lectures for a few days. So, that was my first introduction to MAA. Religion wasn't a huge part of my life at that time, I was slowly getting into it. From that initial stage, MAA held me. It wasn't an instant connection for me–it was a process. But that was the building box for where I am today. That time was also the first opportunity for me to play the keyboard for the satsang (beause I also played the piano). That was the first time I got to play a musical instrument for MAA.

Over the years MAA has definitely helped positively in my life, in our life, in my family's life. Just personally, she's helped me give up meat and last year, I stopped drinking too. She's really changed me from who I was to I am now. That doesn't mean that the changing doesn't stop–it always continues, you can always reach another step. A lot of people said here.



MAA gives us that energy to keep going forward as long as we try to keep our mind focused on that. But, MAA come and re–energizes us. We go through our ups and downs when MAA's not here or even when MAA is here–it is hard to maintain that level of energy when MAA is not around all the time.

We all know that if we need to call MAA we do 11 pranam. Or we go to the mandir room, and we talk to MAA's swaroop. We know that in the back of our mind but I don't think we really practice that and really appreciate it as much. MAA is listening. Prabhu is listening. Your prayers will be answered when it's the right time. Never ever think that MAA is not listening. Never ever feel that you're just talking to a picture beacuse you're not. A lot of us are at that stage where we do comprehend that thought but just really beliving that and knowing it to be true is important. I am geateful that MAA has helped me positively in my life and that's going to carry on to Nauka. It's amazing that she gets to experience MAA and know MAA at an early age. Who knows what her future will be like but if we can give her that positive influence now. It's all the better for her.

We need to go back to some of the core lessons that MAA has taught us beause it is always hard to re-

member them in our day to day lives. We don't walk around in our life with a hand book that says all the rules and lessons we should follow. It's really hard to keep on top of our mind to be good to people, to be fair, to be compassionate, to respect God all the time– it's hard to maintain that level of focus beause we have our personal lives that we also deal with on a day to day basis. But with MAA around, it just focuses us.

We should leave here with that intent and try to keep that beause unfortunately MAA's not always going to be with us here physically. We need remember that MAA is always with us inside. I carry a sawaroop of MAA–Prabhu in my wallet, so MAA is there, we just need to realize that, accept it, and ask for help when we need it even don't need and just thank MAA for everything that we have. Jai Krupalu MAA.

## Maa, She really is, a mother

**–sipra ben**

Jai Krupalu MAA. I met MAA quite late than most of the youth here, everyone seems to be an early bird, but I was seventeen when I first met MAA. It's always been said influence of Her in our lives–changing who we were to what we are and keeping us on a path that we may have not imagined. Way back when, if someone were to say that you will spend months



with MAA. spend months outside in India. I would have said that is not possible. She initiated those changes. I don't know how and I don't know when and I don't know what the pull is, but there is–almost like a magenetism and I can't seem to break it. Not that I want to, but even if I tried, it would be next to impossible. And I see that beside changing me as a personal manner, on a day to day basis, I get to see how much she loves Her kids. Like any mother, but infinitely more intense. And her concern for all of her children is incredible. I don't think my parents would be as concerned for me as She is, most of the time.

I've seen when we are in trouble we pray, we call, we connect, or we ask for advice, a path or a light, anything to get us situated again. And when she knows you are  in troible it's like Her entire being is with you. I've seen her up night worrying about Her children; Whether it be a simlpe thing of passing exams or moving to a new place, or relationsships, parents, you name it. I feel that if we saw that a lot more, it would help us connect or may be make us realize that she really is Mother. So when sometimes people say that MAA has forgotten me, it's never the case. I would leave her. I could forget her, but somewhere and some how She will remind me that She is still standing right

beside me, in front of me, behind me, protecting me, guiding me and holding me in the palm of Her hand. We've all had our darkest moments and darkest hours and I truly believe that it's Her thinking of me, that gets me out. people call with an xyz problem and she'll constantly be thinking about that person. What will happen? What should we do? Should we call them or not? That's MAA. Jai Krupalu MAA.

★ગુરુને માલિક તરીકે સ્થાપશો તો તમારા અહમ પર ચોટ માર્યા કરશે.

★સંતનું જ નહીં. કોઈપણ માનવીનું ગુણાનુરાગી થવું. સુ–દર્શન કરવું. દોષ ન જોવા. –મા

ફોન : દુકાન : ૨૨૫૮૮૧૨ ઘર : ૨૬૬૪૦૭૮
મોબાઈલ : ૯૩૭૪૭૧૦૩૦૪
દીપક સી. મહેતા
કૃષ્ણા ફિલ્મ્સ એન્ડ સ્ટુડિઓ
૧, શ્યામ એપાર્ટમેન્ટ, કાકડીઆ કોમ્પ્લેક્ષ પાસે,
ઘોડદોડ રોડ, સુરત-૩૯૫૦૦૧



# પનામાનો પુણ્ય પ્રવાસ

મા સાર્વેશ્વરી

યાત્રાના આરંભ પછી ૧૧ પ્રણામ. પછી પૂજન થયું.

વિદાય લીધી. શ્રી ભગવાનજી તથા શ્રી કંચનબહેન પનામ સાથે જ આવે છે. વળી લોસ એન્જેલેસની બીજી છ બેનો પણ આજે મા સાથે છે.

રાતે નવ વાગે પ્રસ્થાન થયું. પ્લેનમાં ઉડવાનો સમય રાતે એકનો છે. ૬॥ કલાક આકાશ ગમનનો સમય છે. કસ્ટમ, ઈમીગ્રેશનમાં પણ સમય તો જશે.

પ્રમાણમાં લાંબી કહી શકાય તેવી યાત્રા છે.

એરપોર્ટ ઉપર સમયસર પહોંચી ગયાં. સુરેશ, કિશોર પરિવાર ખડે પગે છે. એક બેન છેક ૧૧ વાગે આવે છે. જેથી પ્રતીક્ષામાં સમય નીચે જ વીતે છે.

૧૦ મિનિટ ચાલતાં ગેઈટ ઉપર થાય છે. પ્લેનમાં પ્રભુની ઈચ્છા ને યોજના મુજબ મા સહિત સૌ બેઠાં.

ત્રણ સીટ મળી છે. પૂર્ણવિશ્રામ કરતાં કરતાં મા યાત્રા કરી રહ્યાં છે.

પનામા જવાની ઈચ્છા જ સાવ શાંત હતી પણ ધાર્યું ધરણી ધરનું થાય. અંતે મા ને શ્રી હરિએ પ્લેનમાં બેસાડ્યાં જ. પ્રભુની ઈચ્છા જ સર્વોપરી છે.

લાંબી યાત્રા વિશ્રામ ધરનારી ઠરી. ત્રણ સીટ ઉપર શ્રી

હરિએ પોતાની કૃપાનું સામ્રાજ્ય સ્થાપીને માને અનુકૂળતા ધરી દીધી.

હે સાનુકૂળ શ્રી હરિ આપના પાવન શ્રી ચરણોમાં અમારા પ્રણામ પ્રણામ પ્રણામ.

પૂર્ણવિશ્રામથી નિવૃત્ત થતાં જ માત્ર વીસ જ મિનિટમાં જ પ્લેન પનામાની ધરતી ઉપર ઉતરે છે.

ઈમીગ્રેશનમાં એક પણ પ્રશ્ન ના પૂછાયો. પરમીટ તો પનામાથી જ મળી હતી. જેથી પરમીટ ચેક કરીને સહજ પ્રવેશ મળી ગયો.

હા, ચેકીંગ કરતાં લગભગ ૦ાા કલાક વાર લાગી કારણ બીજા પણ ઘણાનાં ચેકીંગ ચાલતાં હતાં.

સરકાર શ્રેષ્ઠ ફરજ બજાવીને જાગતી રહી છે. અહીં કસ્ટમ વિભાગમાં દરેક પોતાની બેગ મશીનમાંથી પસાર કરાવે છે.

બહાર નીકળતાં જ વડીલો, બાળકો લગભગ ૬,૭ ભક્તો માને પૂજા ધરી સન્માને છે. એરપોર્ટ ઉપર વધુ પડતી ભીડને ટાળવા પનામા સત્સંગના જે રાહદાર છે શ્રી ગુલાબબહેન, તેમણે સૌને ઘરે જ માના દર્શન કરવા આવવાની ખાસ સૂચના આપી છે.

એરપોર્ટથી ઘરે આવવાનો ૦ાા કલાક જ થાય છે.

અહીં આંગણામાં લાલ સિમેન્ટ ને ઈંટથી ૐ મા અંગ્રેજીમાં નહીં ગુજરાતીમાં લખીને ઈંટ ચૂનામાં મૂક્યો છે.

જાણે ઘરને આંગણેથી જ જાણે ઘરની ઓળખ.



આંગણે માની ગાડી ઉભી છે. ત્યાં તીર્થ, ગોપી,બીના ત્રણે હાથ જોડી પ્રગટાવેલા દીવડા સાથે ઉભાં છે. પાસે જ લાલ જાજમ છે તેની બન્ને બાજુ દીવડા છે. જાણે દીવડાની જ પગદંડી.

આજે જાણે દિવાળીનો ઉત્સવ. ઘરમાં ૧૦૦ જેટલાં ભાઈબેનો ધૂન ગાઈ રહ્યાં છે.

સરસ બેઠક છે ત્યાં પણ સ્ટેન્ડ ઉપર દીવડા પ્રગટાવ્યા છે.

આરતી પૂજન પછી બધા જ ભાઈબહેનો વારાફરતી પૂષ્પ ધરી વંદન કરે છે.

આજે અહીં હરેકૃષ્ણ મંદિરના સાધુ પણ પધાર્યા છે.

વૃધ્ધ છે. મા તેમને કંઈક કહેવા વિનંતિ કરે છે.

તે વૃધ્ધ પુરુષે સ્પેનીશ ભાષામાં સ્વાગત કરતા કહ્યું :

આપ અહીં ફરી પધાર્યા, આપને ધન્યવાદ. અમને આપને આવકારતાં ખૂબ આનંદ થાય છે. ધર્મના પ્રચાર માટે આપ વરસો સુધી વિચરણ કરતાં રહો.

માએ સ્લેટમાં લખ્યું

શ્રી વસંતભાઈની ઈચ્છા, દિવ્યેશ–બીનાનો આગ્રહ, તથા બધા જ ભક્તોની પ્રાર્થનાનો આ પ્રત્યુતર છે.

આપે સરસ રીતે સન્માન્યા પિતાની ઈચ્છા પૂર્ણ કરવા દિવ્યેશ મથે છે. આપ સૌ એની પડખે રહીં. એને સહયોગ આપજો. આપને અભિનંદન.

પછી બેઠક ઉપરથી ફરી લાલ જાજમથી પગદંડી સજાવી જ હતી.

મા દાદર ઉપરથી ઉપરના નિવાસ સ્થાને આવે છે. દાદરની બન્ને બાજું દરેક, પગથીયે સાચાં ફૂલોનાં કૂંડા મૂક્યાં છે. ઉપર એક દિવાલ ઉપર સુંદર કુદરતી દશ્ય કલાકાર પાસે કરાવ્યું છે.

એ ઓરડામાં હિંચકો છે, જે શણગાર્યો છે. બીજો ઓરડો જેમાં માનો પલંગ છે. પૂ.શ્રી માટે ઝૂલો શણગાર્યો છે.

ઉપરના નિવાસમાં મોટા ચાર ફૂલોનાં કૂંડા જાણે બાદશાહી રાજમહેલનું સ્મરણ કરાવે છે.

સરસ નવી કથ્થાઇ રંગની મોટી જાજમ પાથરી છે.

ત્રીજા ઓરડામાં પણ જાજમ છે. ફ્રીજ નવું જ છે. અરે, ગેસના ૪ ચૂલાનું આખું યુનીટ નવું છે. સર્વત્ર જાણે સર્વ પદાર્થોથી સર્વ રીતે સન્માન છે.

પદાર્થોની સુંદર સજાવટ આકર્ષક છે. આ ઘરની યુવાન ગૃહદેવી બીનાનો આ વૈભવી શોખ અને ભક્તિભાવ ભર્યો દષ્ટિકોણ ઘરની નાની મોટી દરેક વસ્તુઓમાં વિસ્તરી રહ્યો છે, જાણે આ ઘરના રાજકુમારનો લગ્નનો મંગલ મહોત્સવ જેવો બાદશાહી ઠાઠ છે.

જેવી જેની ભાવના જેવી જેની શક્તિ જેવી જેની સૂઝ, જેવી જેની શ્રદ્ધા. તેવી તેવી રીતે સૌ સ્વાગતની પ્રણાલિકા પાળે છે.

સર્વત્ર વ્યક્તિગત ભૂમિકા સમજનોજ જાણે આ દર્શન મેળો છે.

સુદર્શનના સાધને સંસારને સફળતાથી સર કરવાનો છે.



સતત કંઇ સુવાક્યોનો જ રસથાળ નથી સાંપડતો છતાં તેને પણ પ્રભુનો પ્રસાદ માની ક્ષમાભાવે પ્રેમથી વધાવી લેવાનું બને છે.

બન્ને થાળ શ્રી હરિના જ છે. તલવારના ઘા અને ફૂલોના વધામણાં.

સાધકને માટે બન્ને જરૂરી હશે તોજ સુખ અને દુઃખને સમાન માનવાની તાલીમ મળે અને સાધક સૌથી ઉપરને ઉપર ઊઠતો રહે.

બન્ને પદ્ધતિમાં સન્માન જ છે. બન્નેમાં શ્રી હરિનીજ ઇચ્છાનો પ્રતિઘોષ છે.

પૂ.બાપુજી કર્પૂરવનમાં બાળપણથી જ ગવડાવતાઃ—

૧. સુખદુઃખ દોનો સમ કરીજાનો
ઔર માન અપમાન—સાધો મનકા માન ત્યાગો
સુખ સમયમાં છકી નવ જવું.
દુઃખમાં ન હિંમત હારવી,
સુખ દુઃખ સદા ટકતાં નથી
એ નીતિ ઉર ઉતારવી.

આ બે ઔષધિ ગળથૂથીમાંથી જ ધરીને પૂ.બાપૂજીએ માના પ્રથમ ધર્મગુરુ તરીકેનું સર્વોત્તમ કાર્ય કરી લીધું છે.

એ રીતે પૂ. બાપૂજી આ માના જીવનમાં જાણે અમરત્વ પામી ગયા છે. કેવો સરસ બોધ! કેવું સરસ ભાથું! કેવો ઉત્તમ પ્રસાદ? કે પિતા તરીકેનું શ્રેષ્ઠ કર્તવ્ય?

હે બાપુજી, આપનો અમારા ઘડતરમાં અમૂલ્ય ફાળો છે. પિતા તરીકે આપને પામ્યાનું અમને ગૌરવ છે જન્મોજન્મ જો હોય તો આપ જ પિતા ને માતા એ જ ઈચ્છીશું.

પનામાની આ ધરતી ઉપર યજમાન ગૃહદેવી શ્રી બીનાબહેનનો ભક્તિભાવ અહીં કલા દ્વારા વ્યક્ત થયો છે.

જ્યાં ત્યાં કલાત્મક પદાર્થો એના જાણે પ્રતીક બની ઉભા છે.

નાનકડી વયના એ દંપતી બીના ને દિવ્યેશ ઉત્સાહી, તરવતા પાત્રો છે.

આજે બે કલાક વિશ્રામ થયો. છતાં હવામાનને લીધે જાણે પરિશ્રમનો પ્રસાદ દેહને વળગી રહ્યો છે.

રાતે મા ૮ાા થી ૯ાા નીચે સંત્સગમાં હાજરી આપે છે. ૧૫૦ ભાઈબહેનો બેઠાં છે.

પૂ.શ્રીનું પ્રવચન ટેપ ઉપર મૂકાયું, પણ સંભળાતું ન હતું. પરિણામે માએ સ્લેટ ઉપાડી ને પેન પોતાના વિષય ઉપર દોડવા માંડી.

માઃ—આપણા શરીરના દરેક અંગને એક મર્યાદા છે. બે આંખ મળી છે. પણ તે બે આંખ નજીકનું જ જોઇ શકે. બે કાન નજીકનું સાંભળી શકે. બે પગ થોડુંક જ દોડી શકે. બે હાથ થોડુંક જ આપી શકે.

એટલે બે હાથ વાળાની આ સીમા છે. એના કરતાં હજાર હાથવાળા પ્રભુ અનંત શક્તિવાળા છે. તેની જ મદદ માંગીએ



તો આપણા કાર્ય પાર પડે.

જે મદદ માંગે તેને મદદ કરે જ છે. અમારે એકવાર એવું થયેલું.

(એમ લખી મા આખો પ્રસંગ પર્સ ખોવાયાનો વર્ણવે છે.)

હજાર હાથવાળાની જ મદદ માંગો. રોજ કહો, રોજ પ્રાર્થના કરો.

એક કલાક એ રીતે લખીને આખો પ્રસંગ સૌને સમજાવવાનું કાર્ય શ્રી હરિએ આજે અચાનક કરાવ્યું.

ઉપર આવીને નિર્જળા વ્રત પૂર્ણ થયું છે.

આજે પ્રથમ દિવસ છે. શાંતિ છે. ૨૫ ભાઈબેનો તો પનામામાં આવી ગયાં છે. ૪, ૫ વિદ્યાર્થીઓ પણ છે.

અહીંનું હવામાન ભારત જેવું. તાપ, ઉકળાટ, વરસાદ બધું જ અહીં મળે.

આ પનામા ટાપુ છે. લીલા નાળીયેર અને બીજા ફળો પણ મળે છે. ફૂલો પણ અહીં થાય છે.

ગુજરાતી અહીં ઘણા છે. પ્રજા ભાવિક છે. આજનો દિવસ સમાપ્ત થયો છે. સમાપ્તિના સાદર પ્રણામ. હે હરિ, આપે અમને જીવન આપ્યું. પ્રણામ. પ્રણામ.

**(ક્રમશઃ)**

# અમારા દર્દ હરનારા ગુરુહરિ ઔષધી બનજો

Chinmay

To Pujya Maa,

This is a heartfelt 'Pranam' to Pujya Maa from Chinmay.

Thou art the remover of our pain May guru Hari– our Lord become our medicine.

How true these lines are! imagine a boy falling in three seconds from Mumbai's local train which catches speed of up to 50–60 km/hr. Mumbai is a place where people fall from trains everyday and only a few survive. I was one of those survivors because Pujya MAA saved me.

With the grace of Pujya MAA, my relatives found me in critical condition at the Sion Hospital within 4 hours from the incident. I was identified through the swaroop of MAA–Prabhu that was in my pocket. It was determined that I needed a cardiac ambulance which has a doctor and I.C.C.U facilities. It would take hours to get such an ambulance. However, with MAA's help, an ambulance suddenly appeared at the main gate of the hospital and was able to take me.I then got a bed in Dr. Balabhai Nanavati Hospital and the treatment started as soon as we reached the hospital. I was on the ventilator for 9 days, 6 of which I



was unconscious. I also had two stitches, a head injury, and a fractured hand.

My body was completely swollen. When the ventilator was remove, my first words were "Om MAA." When I was given food for the first time in the hospital, MAA told us to give prashad of dairy milk to everyone. There was great joy and happiness in my family. MAA had fought for me in the battle of life and death. MAA won and I was given a new life. The doctor said that I would face some problems like memory loss or become mentally handicapped. But no, MAA proved the doctor wrong and I am mentally and physically fit. The doctor first said that his treatment would take at least 12 months. Once again, MAA proved the doctor wrong and I was discharged in 13 days.

After my recovery, Pujya MAA gave darshan to me in the Avion hotel. She said, "Now you enjoy your life. This is your golden vacation and you can eat and drink anything. Give a stop signal to the medicines." Afterwards, these same words were said by the doctor when I went for the first check–up. Even the doctor were shocked to see my quick recovery.

This is due to pujya MAA's blessings and everyone's prayers. Pujya MAA told us to pray so much that God would be ashamed to not help. In our

building everyone prayed for me. So many people gathered to do prayers for me. This is all due to Pujya MAA's grace. Through this incident, an innocent boy that was unknown in yoninagar (my Apartment Complex), was now know to everyone.This is a living example of the extraordinary power of MAA. Even my school staff, principal and teachers were shocked to see me doing so well. They now refer to me as 'miracle boy' and not my name. I thank Pujya MAA for giving me a new birth.

Pujya Maa, due to your blessings, I can now play, write and ride a bicycle. Since my plaster was removed, I am able to do pranam regularly. Another thing I would like to add is that my friends were so shocked to see me playing so soon after the accident, that they treated me like a V.I.P. However, when they saw me hitting shots and playing normally, they knew I was fine.

Pujya MAA, I got 88% in my SSC examination results beacause of your blessings. MAA, you fulfilled all my dreams. Now Swargarohan, your abode, has become my home. I am your child. MAA, I would like to thank all the people who prayed for me and helped my family during this time. MAA please accept me as your child. I will do whatever you ask me to.

Your loving Son,

Chinmay



# ભગવાન તમને ચાહે જ છે.

ડો. આઇ કે. વિજળીવાળા

ડો. આઈ. કે વીજળીવાળા બાળકોના નિષ્ણાત ડોક્ટર છે. ખૂબ કપરી ગરીબાઈમાં પણ તેમને પ્રભુએ સહાય કરી તેથી તેમની આંતરિક પ્રતિભાને વિકસાવવાની તકમાંથી સમાજને એક કર્મનિષ્ઠ દાક્તરની પ્રાપ્તિ થઇ.

પરંતુ વિજળીવાળા સાહેબ વ્યવસાયે ભલે ડોક્ટર રહ્યા, કિન્તુ એ સાહિત્યનો જીવ છે એટલે અતિ વ્યસ્ત વ્યવસાય વચ્ચે પણ સમય કાઢીને તેઓએ કલમ ચલાવીને, ગુજરાતની જનતાને સરસ મનનીય ને પ્રેરણાસ્પદ પ્રસંગોની રજુઆત વડે ઈન્ટરનેટ ઉપરના દરિયા જેવા વિપુલ ક્ષેત્રમાંથી મોતી જેમ કાઢી પોતાના પુસ્તકો દ્વારા ભેટ આપી ઘણો મોટો ઉપકાર કર્યો છે.

'ભગવાન તમને ચાહે જ છે' એ પ્રેરણાત્મક પ્રસંગ અમૃતનો ઓડકાર–પુસ્તિકામાંથી લીધેલ છે લેખકનાં લગભગ દસેક જેટલા પ્રકાશનો બહાર પડ્યા છે, જેને વાચકોએ સારો એવો પ્રતિસાદ પૂરો પાડ્યો છે. —તંત્રી

પરદેશની વાત છે. એક પાદરી અને એમના અગિયાર વરસના દીકરાએ એક નિયમ બનાવ્યો હતો. દર રવિવારે સવારની પ્રાર્થના પૂરી થયા પછી બાપ દીકરો થોડાક નાનકડા બાઈબલ લઈને નીકળી પડતા. ઘણી બધી ટેકરીઓ પર ફેલાયેલા એ ગામમાં કોઈ પણ ટેકરી પર જઈ ત્યાં આવેલાં ઘરોમાં જઈ સાવ મફતમાં આપતા. એ રીતે ભગવાનનો સંદેશો ઘરે ઘરે

પહોંચાડવાનો એમને ખૂબ જ આનંદ આવતો. એ આનંદની પાસે સાંજ સુધી ટેકરીઓ પર રખડવાનો થાક તો ક્યાંય ઓગળી જતો.

એક રવિવારે જોરદાર વરસાદ પડી રહ્યો હતો. વાતાવરણ ખૂબ જ ઠંડુ બની ગયું હતું. વરસાદનું રૌદ્ર સ્વરૂપ તથા ભયંકર ઠંડી બંને એ દિવસે ભેગા થઇ ગયા હતા. એ જોઇ પાદરીએ બહાર જવાનું માંડી વાળ્યું. એ જ વખતે એમનો દીકરો રેઇનકોટમાં તથા વરસાદી બુટમાં સજ્જ થઇને ત્યાં આવ્યો. પાદરીને એમ જ બેઠેલા જોઇને એ બોલ્યો, 'ચાલો પિતાજી ! આજે રવિવાર છે ! બાઇબલ વહેંચવા નથી જવું ?'

'નહી બેટા ! બહાર ખૂબ જ વરસાદ પડી રહ્યો છે. ઠંડી પણ હદની બહાર છે. આજે ન જઇએ તો વધારે સારું.' પાદરી બોલ્યા.

'કેમ પિતાજી ?! તમારા પ્રવચનમાં તમે જ કહો છો કે દરેક ક્ષણે માણસો નર્ક તરફ જઇ રહ્યા છે. જો ભગવાનના શબ્દો એમના સુધી પહોંચાડવામાં આવે તો એમાંના ઘણા નર્કમાં જતા અટકી જશે. આજે વરસાદ અને ખૂબ ઠંડી છે તો શું માણસો નર્કમાં નહી જતા હોય ? એમને ન બચાવવા જોઇએ ?' બાળકે કહ્યું.

એના ધારદાર શબ્દોએ પાદરીને ચૂપ કરી દીધા. થોડુંક વિચારીને એ બોલ્યા, 'બેટા ! મારી તો હિંમત નથી ચાલતી આવા વાતાવરણમાં બહાર નીકળવાની !'

'તો પિતાજી ! તમે જો આજ્ઞા આપો તો હું એકલો જાઉં ?' બાળકના મોઢા પર દ્રઢ નિશ્ચયની રેખાઓ અંકિત થયેલી હતી.

મૂંગા મોઢે, દીકરાના માથા પર હાથ મૂકી પાદરીએ એને



અનુમતી આપી.

બાઇબલની પ્રતોને પ્લાસ્ટિકમાં વીટાળી, એ વીંટો રેઇનકોટ નીચે દબાવી ઉત્સાહપૂર્વક એ બાળક ધોધમાર વરસતા વરસાદમાં નીકળી પડ્યો. એક ટેકરીથી બીજી ટેકરી પર અને એક ઘરેથી બીજા ઘરે જઇ એ બારણું ખખડાવતો. કોઇ ખોલે ત્યારે બાઇબલની પ્રત આપીને કહેતો કે, 'ભગવાન તમને ખૂબ ચાહે છે અને તમારી સાથે જ છે !' આવા વરસાદમાં, એવો સરસ સંદેશો લઇને પોતાના આંગણે આવતો બાળક દરેક જણને ભગવાનના દૂત જેવો લાગતો.

આવી જ રીતે લગભગ બે કલાક સુધી એ ફર્યો હશે. ગાઢ વાદળાંઓના કારણે દીવસ હોવા છતાં સાંજ પડી ગઇ હોય એવું અંધારું થઇ ગયું હતું. વરસાદ જરાક પણ ધીમો પડવાનું નામ નહોતો લેતો. રેઇનકોટની અંદર ઊતરી જતાં પાણીના કારણે એ પગથી માથા સુધી બરાબર પલળી ગયો હતો. એને ઠંડી પણ બરાબરની ચડી હતી. દાંત કકડતા હતા. બેચાર ક્ષણ માટે એને પાછા જવાની ઇચ્છા થઇ આવી, પરંતુ બાઇબલની હવે છેલ્લી એક જ પ્રત બાકી રહી હતી. બાજુની શેરીનું છેલ્લું એકલું અટૂલું મકાન જ બાકી હતું ભગવાનનું કામ અધૂરું છોડવાનો એનો જીવ ચાલ્યો નહીં. સાંકડી, ભીની કેડી પર ચડીને એ ઘરના મુખ્ય બારણા સુધી પહોંચ્યો. સાંકળ ખખડાવી. બાજુમાં લાગેલ ડોરબેલની સ્વીચ પણ દબાવી. કોઇએ જવાબ ન આપ્યો.

'કદાચ કોઇ ઘરમાં જ નહીં હોય! અથવા તો કોઇ વૃદ્ધ કે બીમાર વ્યકિત જે સૂતી હશે તો એને ખલેલ પહોંચશે!' એવું

વિચારીને એ પાછો ફરવા જતો હતો ત્યાં એને વિચાર આવ્યો કે હજું એક વાર બારણું ખખડાવી જોવું જોઇએ. કદાચ ડોરબેલ વાગી જ ન હોય કે અંદરની વ્યકિતએ સાંકળનો અવાજ સાંભળ્યો જ ન હોય એવું પણ બની શકે! એણે પોતાની હાથની મુઠ્ઠી વડે બારણું ઠપકાર્યું. 'ઘરમાં કોઇ છે કે?' એવી બૂમ પણ પાડી જોઇ. ફરી એક વાર સાંકળ ખખડાવી તેમ જ ડોરબેલ પણ વગાડી જોઇ. એ પછી દરવાજા પર કાન માંડીને થોડી વાર ઊભો રહ્યો.

બેચાર ક્ષણો એમ જ પસાર થઇ. પછી ધીમેથી દરવાજા તરફ કોઇ આવી રહ્યું હોય તેવો અવાજ સંભળાયો. બાળક ખુશ થઇ ગયો. સારું થયું પોતે જતો ન રહ્યો એવો સંતોષ એના મોં પર પથરાઇ ગયો. લગભગ સિત્તેરેક વરસની ઉંમરે પહોંચી ગયેલ એક માજીએ દરવાજો ખોલ્યો. એમના મોં પર વિષાદ અને ઘેરી હતાશાની છાયા હતી. બાળકની સામે જોઇ એણે ધીમેથી કહ્યું, 'દીકરા! આટલા વરસાદમાં તું શા માટે આવ્યો છે? અને મારું શું કામ પડ્યું છે તારે? '

ઠંડીથી ધ્રુજતા નાનકડા ફરિશ્તા જેવા એ બાળકે આનંદ ભર્યા અવાજે કહ્યું, ''માજી! મેં તમને આવા વાતાવરણમાં હેરાન કર્યા એ બદલ તમારી માફી માગું છું, પરંતુ હું તમને એટલો સંદેશો આપવા માટે આવ્યો છું કે ભગવાન તમને ખૂબ જ ચાહે છે અને તે તમારી જોડે જ છે! અને એ વાતની તમને ખાતરી થઇ શકે એ માટે બાઇબલની આ એક નકલ તમને ભેટ આપું છું!'' આટલું બોલતા એના દાંત કકડી ઊઠ્યા.



'ભગવાન મને પણ ચાહે છે? મારી જેવી નકામી, એકલી અને ઘરડી ડોશીને પણ?' એ માજીની અવાજમાં ભારોભાર નિરાશા ભરી હતી.

'હા માજી! મારા પિતાજી ચર્ચમાં પાદરી છે. એ કહે છે ભગવાન તો તેનામાં ન માનતી દરેક વ્યક્તિને પણ ચાહે છે. ભગવાન માટે તો બધા એના જ સંતાનો છે. એટલે એ તમને પણ ચાહતા જ હોય ને? એટલે તમે પણ એના પ્રિય હશો જ?' એ બાળકના અવાજમાં કંઇક એવું હતું કે પેલા માજીના ચહેરા પર સ્મિત ફેલાઇ ગયું. છોકરાના હાથમાંથી બાઇબલ લઇ એને ઘરમાં આવવાનું એમણે કહ્યું, પરંતુ વધારે રોકશે તો પોતાના પિતાજી ચિંતા કરશે એવું કહી એ બાળક જવા માટે પાછો ફર્યો. જતાં જતાં ફરી એક વખત એ માજી સામે જોઇને હસ્યો. માજી પણ હસ્યા. પછી રમઝટ વરસતા વરસાદમાં પોતાના ઘર તરફ એ ચાલવા લાગ્યો.

આ ઘટનાને આઠ દિવસ થઇ ગયા. એ પછીના એક રવિવારે ચર્ચમાં પાદરીએ પોતાનું ભાષણ પૂરું કરીને કહ્યું, 'આપણને સૌને પણ જિંદગીમાં ઘણા અદ્‌ભુત અનુભવો થતાં જ હોય છે. પોતાની જિંદગીમાં બનેલ આવા કોઇ પ્રસંગ અંગે કોઇને કાંઇ પણ કહેવું હોય તો આગળ આવે!'

બે ક્ષણ પૂરતી ચર્ચમાં શાંતિ છવાઇ ગઇ. એ પછી છેલ્લી હરોળમાંથી એક માજી બાઇબલ હાથમાં લઇને ધીમે ધીમે આગળ આવ્યાં. મંચ પર જઇ એમણે વાત શરૂ કરી, 'હું આજે પ્રથમ વખત જ ચર્ચમાં આવી છું એટલે કદાચ તમે કોઇ મને

નહીં જાણતા હો! થોડે દૂરની ટેકરી પર મારું ઘર છે. બે વરસ પહેલાં મારા પતિનું અવસાન થયું પછી હું સાવ એકલવાયું જીવન ગાળું છું. મારે કોઇ સગું કે સંબંધી પણ નથી, આઠેક દિવસ પહેલાં ખૂબ જ વરસાદ પડેલો. એ દિવસે મને મારા પતિની ખૂબ જ યાદ આવતી હતી. એ ઠંડા, ઉદાસ દિવસે મારું મન એટલી હદે નિરાશ થઇ ગયું હતું કે મેં આપઘાત કરવાનો નિર્ણય કરી લીધો હતો. છતના લાકડા સાથે દોરડું બાંધીને હજુ તો ગાળિયો મારા ગળામાં ભરાવવા જતી હતી ત્યાં જ મારા ઘરનું બારણું ખખડ્યું. હું અટકી ગઇ. મને થયું કે કદાચ એ મારો ભ્રમ હોય શકે. કારણ કે મારું બારણું તો ક્યારેય કોઇ ખખડાવતું જ નથી! થોડી વાર પછી ફરીથી બારણું ખખડ્યું અને ડોરબેલ પણ વાગી. એ પછી કોઇએ પોતાના હાથની મુઠ્ઠી વડે બેચાર વખત બારણું ખખડાવી જોયું. મરવાનું બે પળ માટે મુલતવી રાખી મેં બારણું ખોલવાનું નક્કી કર્યું.ઘરનો દરવાજો ખોલતા મેં જોયું તો બારણે એક નાનકડો ફરિશ્તો ઊભો હતો. એના ચહેરા પર જે હાસ્ય હતું એવું હાસ્ય મેં આજ સુધી કોઇના ચહેરા પર નથી જોયું. એણે મને કહ્યું કે ભગવાન મને ચાહે છે! હા! મારા જેવી ઘરડી, નકામી અને સાવ એકાકી જીવન ગાળતી ડોશીને પણ! મને બરાબર યાદ છે, એણે આવું જ કહ્યું હતું!' માજી અટકી ગયાં. એમને ડૂમો ભરાઇ આવ્યો. એમની આંખોમાંથી આંસુની ધારા વહી નીકળી. એમણે આંખ લૂછી, ચશ્માં સાફ કર્યાં, પછી થોડુંક પાણી પીને વાત આગળ વધારી, 'એ ફરિશ્તો પોતે વરસાદમાં પગથી માથા સુધી પલળેલો હતો, પરંતુ મારા હાથમાં જે બાઇબલ અત્યારે છે તે સાવ કોરું હતું. એના પર એણે વરસાદનો છાંટો પણ નહતો પડવા દીધો. બસ



એનાં બેચાર વાક્યોએ જ સાવ અંત સુધી પહોંચી ગયેલા મારા જીવનને એક નવી શરૂઆત આપી દીધી. ભગવાન માટે, મારી જાત માટે અને જિંદગી માટેનો મારો અભિગમ જ બદલાઇ ગયો. મારા મનમાં એક નવો ઉજાસ પથરાઇ ગયો અને હવે એ ઉજાસના સહારે જિંદગીનો બાકીનો રસ્તો કાપવાની મારામાં હિંમત આવી ગઇ છે. આજથી હું ભગવાનને મારી જિંદગી સમર્પિત કરું છું અને એ ફરિશ્તાનો આભાર માનું છું જે અત્યારે પણ મારી સામે જ બેઠો છે, ત્યાં પ્રથમ હરોળમાં!' એ બાળક સામે હાથ લાંબો કરી માજીએ આદરથી એના તરફ માથું નમાવ્યું. ચર્ચમાં બેઠેલા દરેકની ભીની આંખ એ બાળક તરફ મંડાઇ. એ છોકરો પેલા પાદરીનો દીકરો જ હતો. સજળ આંખે પાદરી ગર્વભેર પોતાના દીકરાના કૃત્યને મનોમન વંદી રહ્યાં. ચર્ચમાં એક દિવ્ય વાતાવરણ રચાઇ ગયું.


**✲ સ્થાપત્ય કન્સ્ટ્રક્શન ✲**

**પ્રો. મનીષ હરિભાઇ ભોજાણી,**

**બિલ્ડર્સ એન્ડ ડેવલપર્સ,**

મધુર કોમ્પ્લેક્ષ, શનાળા રોડ, મહારાજા ટાઇલ્સ સામે,

**મોરબી**–૩૬૩૬૪૧.

ફોન : (ઓફિસ) ૨૨૧૩૮૧, (રહેઠાણ) ૨૩૦૨૨૨.

# કઠોપનિષદ્

(ગતાંકથી આગળ) **યોગેશ્વરજી**

## આત્માની ઓળખ

પોતાના ઉપદેશના અનુસંધાનમાં વધારે વિવેચન કરતાં યમદેવ કહે છે કે વેદોના અભ્યાસ કે પાઠમાં પ્રવીણ થવાથી આત્માની પ્રાપ્તિ નથી થઇ શકતી. બહું વિશાળ કે ઊંડી બુદ્ધિ તથા શાસ્ત્રોનો ઊંડો અભ્યાસ પણ તે માટે જરૂરી નથી ગણાતો. માણસ ભલે ને નિરક્ષર હોય ને વેદનો અક્ષર પણ ન જાણતો હોય, છતાં પરમાત્માને ઓળખવાનું વ્રત લે, આત્માના અનુભવનો દ્રઢ સંકલ્પ કરે, તેની જ પ્રાપ્તિની કામના ને તે માટે જરૂરી પુરુષાર્થ કરે, અથવા ટૂંકમાં કહીએ તો એક આત્માને જ વરે ને પસંદ કરે તથા તેને માટે ફકીરી ધારણ કરે તો તેની પ્રાપ્તિ થઇ શકે. આત્માને ઓળખવાની મુખ્ય જરૂર તેને માટેની તાલાવેલી, તીવ્ર ઇચ્છા અને ધગશની છે. તેની સાથેસાથે યોગ્ય દિશામાં, યોગ્ય રીતે નિયમિત પુરુષાર્થ કરવાની જરુર પણ છે. એ બંને વસ્તુનો સમન્વય થાય તો કોઇ પણ માણસ શાસ્ત્રજ્ઞાન વિના પણ આત્માને ઓળખી શકે.

શાસ્ત્રજ્ઞાનનો સાર આખરે શો છે? એ જ છે કે માણસે હ્રદયને નિર્મળ કરવું એટલે કે સદ્‌ગુણી ને સદાચારી બનવું ને આત્મદર્શી થવું. બધા જ શાસ્ત્રો છેવટે તો માણસને પરમાત્માને ઓળખવાનો કે પરમાત્માની વધારે ને વધારે પાસે પહોંચવાનો આદેશ આપે છે. સઘળાં શાસ્ત્રો ને સંતવચનોનો સાર તે જ છે. તે સાર જેણે સમજી લીધો કે ગાંઠે બાંધ્યો તે શાસ્ત્રો વાંચે કે ન



વાંચે તેથી કોઇ વિશેષ લાભ કે હાનિની સંભાવના નથી. શેરડીનો રસ પીધા પછી પીલેલા સાંઠાને સાચવવાની ખાસ જરૂર નથી તે પ્રમાણે શાસ્ત્રોનો સાર મેળવ્યા પછી શાસ્ત્રોને વળગી રહેવાની જરૂર છે જ એમ નથી. સારને મેળવ્યા પછી તે પ્રમાણે જીવન બનાવવાની જ જરૂર છે. શાંતિ તેથી જ મળે છે ને શાસ્ત્રજ્ઞાનની સફળતા પણ ત્યારે જ થાય છે.

જ્યાં સુધી જીવનમાં દુરાચાર, અનીતિ ને અધર્મનું સામ્રાજ્ય ફેલાયેલું છે, ત્યાં સુધી માણસને સત્ય, જ્ઞાન કે પરમાત્માની પ્રાપ્તિ થઇ શકતી નથી.જેનું મન અતિશય ચંચળ છે ને જેને પોતાની ઇન્દ્રિયો તથા પોતાના મન પર કાબૂ નથી, તેને પણ પરમાત્માનું દર્શન નથી થતું. જ્યાં સુધી ધ્યાન જેવી સાધના કે તપ—વ્રતમાં માણસને રુચિ નથી, નિયમિત ને એકધારી સાધનાની પ્રીતિ નથી, ધ્યેયની સમજ ને નિષ્ઠા નથી, ત્યાં સુધી આત્માનો અનુભવ અસંભવ છે. પરમાત્માના સાક્ષાત્કાર માટે માણસે મનની શુદ્ધિ, નિષ્ઠા, દ્રઢતા, સદાચાર ને સત્કર્મ તથા ઉત્તમ વિચારશક્તિ કે વિવેકથી સંપન્ન બનવું જોઇએ. જીવન ને મનના આમૂલ પરિવર્તન વિના પરમાત્માની અનુભૂતિ અશક્ય છે, આ વાત સાધારણ માણસે ને સાધકે ખાસ યાદ રાખવા જેવી છે. તે વિના સાધકની સફળતા નથી થઇ શકતી.

યમદેવના આ મહત્ત્વના ઉપદેશનો સારભાર કઠ ઉપનિષદના પ્રથમ અધ્યાયની બીજી વલ્લી સુધીમાં સમાઇ જાય છે. તેનો વિચાર કરતાં ખરેખર આનંદ થાય છે. તો પછી તેને માટે આતુર બનેલા ને તરસ્યા થયેલા નચિકેતાને કેટલો બધો અપાર ને અવર્ણનીય આનંદ થયો હશે!

## ઊઠો ને જાગો

પહેલા અધ્યાયની ત્રીજી વલ્લીમાં પણ વત્તેઓછે અંશે એ જ વાત આવે છે. એની શરૂઆતમાં જ થોડાક સચોટ, સુંદર ને ભાવમય શ્લોકની હારમાળા આવે છે. શરીરને રથની ઉપમા આપીને કહેવામાં આવે છે કે શરીર રથ છે; આત્મા રથમાં બેઠેલો યોદ્ધો છે; બુદ્ધિ સારથિ ને મનરૂપી લગામ છે. ઇન્દ્રિયો શરીરના રથને જોડેલા જુદાજુદા ઘોડા છે. વિષયો તેમના ભોગસ્થાન કે તેમના રસ્તા છે. શરીર, મન તેમજ ઇન્દ્રિયો સાથે સંબધમાં આવીને કે જોડાઇને આત્મા વિષયોને ભોગવે છે તેથી ભોક્તા કહેવાય છે એમ જ્ઞાની પુરુષોનું કહેવું છે. એ પ્રમાણે ઉપમા આપીને પછી કહેવામાં આવે છે કે ઘોડા તોફાની હોય તો સારથિના કાબૂમાં નથી રહી શકતા, તેવી રીતે ચંચળ મનના ને અજ્ઞાની માણસની ઇન્દ્રિયો તેના વશમાં નથી રહેતી. પરંતું સારા ને શાંત ઘોડા સારથિના કાબૂમાં રહે છે. તેમ સ્થિર મનના ને વિવેકી પુરુષની ઇન્દ્રિયો સદા તેના સંયમમાં રહે છે. પરમાત્માની પ્રાપ્તિ અપવિત્ર, અવિવેકી ને મનના સંયમ વિનાના માણસોને નથી થઇ શકતી. આત્માપદ ને અમર જીવનનો આનંદ તો તેને જ મળે છે. જે સદા સદાચારી ને પવિત્ર છે, વિવેકી છે, ને મનની શુદ્ધિ ને મનના સંયમથી સંપન્ન છે. પરમાત્માની પ્રાપ્તિ થયા પછી ફરી જન્મવાનું નથી રહેતું.

એ જ શ્લોકોમાં બેચાર મહત્વની વાતો પણ કહેવામાં આવી છે. માણસો કેટલીક વાર ફરિયાદ કરે છે કે ઇન્દ્રિયો ને મન પર કાબૂ કરવાનું કામ ખૂબ જ કપરું છે. તેને સાધીને આત્માનો અનુભવ કરવો એ લોઢાના ચણા ચાવવા જેવું છે. તેમને હિંમતનો ઉપદેશ આપતાં કહેવામાં આવે છે કે મન ને ઇન્દ્રિયો



ગમે તેટલાં બળવાન હોય તોપણ તેથી ડરી જવાની કે નિરુત્સાહ થવાની જરૂર નથી. માણસની વિવેકશક્તિ અથવા બુદ્ધિ વધારે બળવાન છે. તેનો લાભ લઇને માણસે પોતાની આત્મોન્નતિનો દ્રઢ સંકલ્પ કરવો જોઇએ. તેમજ ગમે તેવી પરિસ્થિતિમાં પણ તેને વળગી રહીને પોતાની પ્રગતિની પવિત્ર દિશામાં આગળ ને આગળ પગલા ભરવાં જોઇએ. બુદ્ધિશક્તિ કરતાં પણ પરમાત્માની શક્તિ શ્રેષ્ઠ છે. તે પરમાત્માનું શરણ લઇ કોઇ પ્રામાણિકપણે પોતાની પ્રગતિ માટે પુરુષાર્થ કરે તો તે જરૂર સફળ થઇ શકે છે. સાધનાનો માર્ગ નીડરતા, દ્રઢતા, મજબૂત સંકલ્પ ને ઉત્સાહનો છે. પોતાની જાતને છેક નાની ને હલકી માની લઇને તેના પ્રારંભમાં જ કે તેનો પ્રારંભ કરતાં પહેલાં જ મનને મારી નાખવાની જરૂર નથી. જેના પગ પ્રવાસના પ્રથમ પગલે અથવા પ્રવાસનો વિચાર કરતાં જ પાણી વિનાના થઇને ભાંગી જાય છે તે પ્રવાસી પોતાના ઇપ્સિત સ્થાને નથી પહોંચી શકતો. એટલા માટે જ સાધકે દ્રઢ શ્રદ્ધા, ધગશ ને અનંત આશાથી સંપન્ન થવાની જરૂર છે. પોતાની યોગ્યતા ને શક્તિનો વધારો પડતો ને ખોટો આંક કાઢવાની ટેવ જેમ બરાબર નથી, તેમ તેના ગજને તદ્દન ટૂંકાવી દઇને વધારે પડતા હતોત્સાહ થવાની પણ જરૂર નથી. પોતાની યોગ્યતા સમજી પોતાની સંપૂર્ણ શક્તિને ધ્યેય પાછળ લગાવી દેવાની જરૂર છે. જે માર્ગે મુસાફરી કરવાની છે તે માર્ગે આગળ વધી શકાશે ને ધ્રુવપદની પ્રાપ્તિ જરૂર થશે એવી અનંત શ્રદ્ધા અંતરમાં ઉત્પન્ન કરવાની ને વધારવાની છે.

આ કામ એટલું બધું મહત્ત્વનું ને મોટું છે કે જેટલા બને તેટલા વહેલા જાગવાની જરૂર છે. વિવેકી થઇને એનું રહસ્ય

ઉકેલવાનો આરંભ કરવાનો છે. જીવન થોડું છે. તે પણ પાણીના પ્રવાહની પેઠે વેગથી વહી રહ્યું છે. તેનો મોટા ભાગનો વખત બીજા જરૂરી કે બિનજરૂરી વ્યવસાયોમાં વીતી જાય છે. બાકીના સમયનો સદુપયોગ કરીને ને બને તેટલો વધારે વખત કાઢીને માણસે આત્મોન્નતિની જરૂરી સાધનામાં લાગી જવું જોઈએ. તે માટે અનુભવી મહાપુરુષનો સંપર્ક સાધવો જોઈએ. તેવા મહાપુરુષનું માર્ગદર્શન આ માર્ગના પ્રારંભમાં ખૂબ જ જરૂરી થઈ પડે તેમ છે. માર્ગ વિકટ છે, મુશ્કેલી ને મૂંઝવણથી ભરેલો ને લાંબો છે. અસ્ત્રાની તીણી ધાર પરથી પસાર થવું જેમ કઠીન છે તેમ આ માર્ગે પ્રવાસ કરવાનું કામ કપરું છે. ખૂબ ધીરજ, હિંમત, વિવેક, સાવધાનની ને દૃઢતાથી પ્રવાસ કરવાની કે આગળ વધવાની જરૂર છે. તેવી રીતે આગળ વધનાર સાધકે કશાથી ડરવાની જરૂર નથી. માર્ગમાં મળતી મુશ્કેલી ને મૂંઝવણ અથવા પંથમાં આવતાં પ્રલોભનો ને ભયસ્થાનોને સરળતાથી પાર કરી તે પોતાના ધ્રુવપદે પહોંચી જશે ને પરમાત્માનો સાક્ષાત્કાર કરીને કૃતાર્થ થશે. માટે જ ઉપનિષદ કહે છે કે ઊઠો ને જાગો. આવા ઉમદા આદર્શને આત્મસાત્ કરવા અત્યારથી જ કમર કસો. उत्तिष्ठत जाग्रत ।

(ક્રમશઃ)

★ શ્રમજીવીઓનો પરસેવો સુકાઈ જાય એ પહેલાં તેના મહેનતાણાની રકમ આપી દો. વધારે આપો.

★ આપવું. સતત આપવું. ઉત્તમ આપવું.

— મા



# શ્રદ્ધાનું મહત્ત્વ

મહારાજશ્રી નથુરામશર્માજી

શ્રદ્ધા એટલે આસ્તિક્યબુદ્ધિ. આ વસ્તુ આમ જ છે, એમાં કાંઈ પણ ફેર નથી એવી શ્રદ્ધાવિના કોઈ પણ કામ કરવામાં મનુષ્યને ઉત્સાહ ઉપજતો નથી. શ્રીસદ્‌ગુરુ ને સત્‌શાસ્ત્રના ઉપદેશમાં શ્રદ્ધા હોય તો જ તેમના ઉપદેશાનુસાર પ્રયત્ન કરવામાં ઉત્સાહ ઉપજે છે, ને ઉત્સાહપૂર્વક સાવધાનતાથી પ્રયત્ન કરવામાં આવે તો જ પરિણામે ચિત્તનિરોધ વા તત્ત્વ-સાક્ષાત્કાર સંપાદન કરી કૃતાર્થ થઈ શકાય છે. જેને સદ્‌ગુરુના તથા સત્-શાસ્ત્રના વચનમાં દૃઢ વિશ્વાસ નથી તે પુરુષ કદી પણ પ્રાપ્તવ્યને પ્રાપ્ત કરી શકવાનો નહિ. જેમ નાકવિનાના મનુષ્યે ધારણ કરેલાં વસ્ત્રાલંકાર શોભતાં નથી, તેમ શ્રદ્ધાહીન મનુષ્યનાં અન્ય સાધનો શોભતાં નથી.

શ્રદ્ધાવિનાનું હૃદય પડી ગયેલા ઊજડ ઘરજેવું છે. પડી ગયેલા ઊજડ ઘરમાં જેમ સાપ, વીંછી તથા કાનખજૂરા આદિ પ્રાણીઓને પીડા આપનારાં જંતુઓ નિર્ભયપણે નિવાસ કરીને રહે છે, તેમ શ્રદ્ધાવિનાના હૃદયમાં પ્રાણીઓનું લોહી પીનારા કામ, ક્રોધ ને લોભાદિ વિકારો નિર્ભયપણે નિવાસ કરીને રહે છે. શ્રદ્ધારહિત હૃદય અત્યંત બળહીન હોવાથી કોઈ પણ કલ્યાણકારક સાધનમાં ઉત્સાહપૂર્વક પ્રવૃત્ત થઈ શકતું નથી. તેથી સાધકોએ પરમાત્માપાસે પ્રથમ સાત્ત્વિકી શ્રદ્ધાની પ્રાપ્તિની જ યાચના કરવી ઘટે છે. એવી શ્રદ્ધાની પ્રાપ્તિ જો ઈશના અનુગ્રહથી થાય તો ચિંતામણિની પ્રાપ્તિથી જેમ સર્વ ઇચ્છિત પદાર્થોની પ્રાપ્તિ મનુષ્યને થાય છે, તેમ તેને સર્વ સાધનોની પ્રાપ્તિ થાય છે. શ્રદ્ધા સાધકનું સર્વ વિઘ્નોથી સમર્થ માતાની પેઠે રક્ષણ કરે છે, અને તેના હૃદયમાં દિવ્ય બળ આપે છે. એ દિવ્ય બળને પામેલો સાધક કઠિનમાં કઠિન સાધનને પણ

સુલભ રીતે સાધી શકે છે. એ સાત્ત્વિકી શ્રદ્ધા પૂર્વના શુભ સંસ્કારોથી પ્રાપ્ત થઇ ન હોય તો શ્રીસદ્‌ગુરુની તથા શ્રીપરમાત્માની નિષ્કપટભાવે માહાત્મ્ય-જ્ઞાનપૂર્વક ભક્તિ કરવાથી તથા નિત્યપ્રતિ તત્ત્વજ્ઞ સંતલોકોનો આદર-પૂર્વક સત્સંગ કરવાથી પ્રાપ્ત થાય છે.

## મોક્ષાર્થીએ સંસારમાં લોલુપ ન થવું જોઇએ

સંસારમાં અત્યંત અનુરાગ રાખનાર મનુષ્યથી જ્ઞાન વા ભક્તિ એ બેમાંનું એકે સિદ્ધ કરી શકાતું નથી. એક જ ચિત્તમાં એક જ કાળે બે વિરોધી પદાર્થોમાં સમાન પ્રીતિ રાખી શકાય નહિ. જેઓ સંસારસુખને પ્રધાન માને છે તેઓ તો પામર વા વિષયી છે, તેથી તેઓ તો જ્ઞાન વા ભક્તિના અધિકારી નથી, પણ જેઓ પોતાને જિજ્ઞાસુ માનતા હોય તેમણે સંસાર અને પારમાર્થિક સાધનમાં પ્રધાનગૌણ વા સમપ્રીતિ રાખવી ઉચિત નથી, તેમણે પોતાના ચિત્તમાં સત્સાધનને પ્રધાનપદ આપી સંસારને ગૌણપદ આપવું જોઇએ. આ કહેવાનું તાત્પર્ય એવું નથી કે સર્વે જિજ્ઞાસુઓએ સત્સાધનમાં દિવસનો ઘણો ભાગ રોકવો જ જોઇએ, અને સંસારના કામમાં બહુ જ ઓછો ભાગ રોકવો જોઇએ, પરંતુ સત્સાધન જીવને વાસ્તવિક ઉપકારક છે, અને વ્યવહાર તો પ્રારબ્ધના વેગથી ન છૂટકે વિહિત રીતે સેવવાનો છે, એમ સમજી મનમાંથી સંસારપ્રતિનો આરૂઢ અનુરાગ ત્યજી નટની પેઠે ઉપરથી આસ્થા રાખી તેનો યથાયોગ્ય નિર્વાહ કરવો જોઇએ, અને વ્યાવહારિક કર્તવ્યનું પાલન કરતાં શેષ જેટલો સમય મળે તેટલાનો પ્રયત્નપૂર્વક સદુપયોગ કરવો જોઇએ. દીર્ઘકાલથી રાગપૂર્વક સેવન કરેલા સંસારમાં અવિવેકી જીવોને ઉત્તરોત્તર અત્યંત અનુરાગ થઇ જાય છે, અને તેમને એવી પ્રતીતિ થઇ જાય છે કે અમારે સંસારતૃષ્ણા ઓછી કરવી છે, પણ તે સંસાર અમને છોડતો નથી, એમ માનનારાઓની તે ભૂલ નીચેના દૃષ્ટાંતથી દૂર થવાનો સંભવ છેઃ—



કોઇ ગુરુ પોતાના શિષ્યને સંસારની લોલુપ્તા ત્યજવા માટે પુનઃ પુનઃ ઉપદેશ કરતા હતા, પણ તે શિષ્ય સંસારની લોલુપ્તા ત્યજતો નહોતો, ને "મારે સંસાર છોડવો છે, પણ સંસાર મને છોડતો નથી," એમ પુનઃ પુનઃ ઉત્તર આપતો હતો. એવી રીતે કેટલોક સમય વ્યતીત થયા પછી ગુરુએ વિચાર કર્યો કે એને પ્રત્યક્ષપ્રમાણથી ઉપદેશ આપ્યાવિના યથાર્થ સમજણ પ્રાપ્ત થશે નહિ, અને તે સંસારપ્રતિની આરૂઢ આસક્તિ ત્યજશે નહિ, માટે આજ તેને તે વાતનું પ્રત્યક્ષપ્રમાણ બતાવવું. એમ વિચારી પોતે પોતાના સ્થાનભણી આવવાના તે શિષ્યના માર્ગસમીપ એક બાવળનું વૃક્ષ હતું તેને દૃઢ આલિંગન કરીને શિષ્યના પોતાના સ્થાનભણી આવવાના સમયની પહેલાં થોડી વારે ઊભા રહ્યા. થોડા સમય પછી તે શિષ્યનું ગુરુના સ્થાનભણી આવવા માટે નીકળવું થયું. તેણે માર્ગમાંના એક બાવળની સાથે દૃઢ આલિંગન કરીને ગુરુને ઊભેલા જોયા, એટલે તેણે પોતાના ગુરુને કહ્યું, "હે ગુરો! આપ બાવળને બથ લઇને શા માટે ઊભા રહ્યા છો?" ગુરુએ કહ્યું કે, "ભાઇ! આ બાવળે મને સુદૃઢ પકડ્યો છે, તેથી મારાથી છૂટતો નથી." શિષ્યે કહ્યું કે, "એ જડ બાવળ આપને કેમ પકડી રાખી શકે? આપે જ તેને બથ ભરીને પકડી રાખેલ છે, માટે આપ જો છોડી દ્યો તો તે તરત છૂટી જશે." ગુરુએ કહ્યું કે, "હે ભાઇ! જો એ વાત સાચી હોય તો લે આ બાવળને મેં છોડી દીધો, ને હવે તે બીચારો મને વળગતો નથી, તેમ તું પણ જડસંસારની લોલુપ્તા છોડી દઇશ તો તે તને કદી પણ વળગશે નહિ, કેમ કે બાવળમાં અને સંસારમાં જડતાની સમાનતા છે, માટે મેં જેમ આ બાવળને છોડી દીધો તેમ તું પણ સંસારના અનુરાગનો ત્યાગ કર, કે જેથી તને પરમાનંદની પ્રાપ્તિ થાય." શિષ્યને ગુરુના તે પ્રત્યક્ષપ્રમાણવડે આપેલા બોધની સારી અસર થઇ. પછી તે ક્રમાત્ સંસારની લોલુપ્તાથી મુક્ત થઇ પરમાનંદને પ્રાપ્ત થયો.

# રસેશ્વરી

(ગતાંકથી ચાલુ) **શ્રી યોગેશ્વરજી**

ન જાણે કેટકેટલા સમયથી ને કેટકેટલા સમયને માટે,અચોક્કસ યાત્રાપથ પર એ પ્રવાહિત થયે જ જાય છે!

જીવન એટલે જ વિવિધતા કે વિભિન્નતા. એનું સ્વરૂપ સદાને સારુ એકસરખું ભાગ્યે જ રહેવાનું.

વ્રજના વાસીઓને એ સત્યનો ફરી વાર સ્વાનુભવ થયો.

કંસ પણ એ અનુભવથી વંચિત નહોતો રહ્યો.

મથૂરાના રાજપ્રસાદમાં એ વિચારમગ્ન બનીને બેઠેલો ત્યારે નારાયણનાં સુમધુર નામોના સંકીર્તનરસને રેલતા દેવર્ષિ નારદ ત્યાં આવી પહોંચ્યા.

કંસે એમનો સારી પેઠે સત્કાર કર્યો.

દેવર્ષિએ એના કુશળસમાચાર પૂછ્યા એટલે કંસે કહ્યું:

'મારા સમાન સુખી સંસારમાં કોઇ જ નથી. હા, હમણાં હમણાં મારા જીવનમાં એક નવી ચિંતા પેદા થઇ છે ખરી.'

'કયી ચિંતા ?'

'ગોકુળમાં નંદયશોદાને ત્યાં જન્મેલો કૃષ્ણ અત્યારે વૃન્દાવનમાં વાસ કરે છે. એણે મોટા મોટા મહાબળવાન રાક્ષસોને મારી નાખ્યા છે. એ ઉંમરમાં નાનો હોવા છતાં ખૂબ જ પરાક્રમી લાગે છે. સંભવ છે કે એને માધ્યમ બનાવીને કોઇ બીજાની શક્તિ કામ કરી રહી હોય. પ્રજાનો એના પર પ્રેમ છે. વસુદેવની જેમ એણે પ્રજાનાં દિલને વશ કર્યા છે. એ જો વસુદેવ



સાથે મળી જાય અથવા પ્રજાને સંગઠિત કરે તો મારા માથે ભયંકર ભય ઊભો થાય.'

'એ ભય તો ઊભેલો જ છે, કંસ!' નારદે જરા ગંભીરતાપૂર્વક કહ્યું; 'ફક્ત તું એને જાણતો હોવા છતા માનતો નથી. હજુ પણ તું ચેતી જાય તો સારું. હું તને ચેતાવવા માટે જ આવ્યો છું '

'કેવી રીતે ?'

'કેવી રીતે ? એ તો સાવ સહેલી વાત છે. કૃષ્ણનો જન્મ તને મારવા માટે જ થયો છે.'

'મને મારવા માટે ?'

'હા. આકાશવાણીએ દેવકી તથા વસુદેવના જે પુત્રનો ઉલ્લેખ કરેલો તે પુત્ર એ જ છે.'

'તો શું કૃષ્ણ નંદ યશોદાનો પુત્ર નથી ?'

'ના. દેવકીના ઉદરમાંથી ઉત્પન્ન થયા પછી વસુદેવે એને નંદને ત્યાં પહોંચાડેલો ને યશોદાની કન્યાને અહીં આણેલી. તેં પથ્થરપર પછાડેલી કન્યા એ જ હતી. કૃષ્ણ તો હજુ ક્ષેમકુશળ છે.'

કંસ ક્રોધે ભરાયો, વિચારમાં પડ્યો, ને બોલ્યો :

'જો એવું જ હોય તો મારે વસુદેવના એ અક્ષમ્ય અપરાધ બદલ એને ભારેમાં ભારે સજા કરવી જોઇએ. પરંતુ તમારી વાત માનવામાં નથી આવતી, દેવર્ષિ ! જેલના દરવાજા તો બંધ હતા. તેમાથી વસુદેવ બહાર નીકળી શકે જ કેવી રીતે ? તમારી વાતમાં વિશ્વાસ નથી આવતો.'

'વિશ્વાસ આવે કે ન આવે તોપણ મારું કથન સર્વાંશે સાચું

છે. એમાં વિશ્વાસ રાખીશ તો તારું કલ્યાણ થશે. વસુદેવને દંડ દેવાનો વિચાર કરવાનો હવે કશો જ અર્થ નથી. તારો સાચો શત્રુ વસુદેવ નથી પણ કૃષ્ણ છે. તારે કૃષ્ણની સાથે જ કામ લેવાનું છે. માટે એનું કાસળ કાઢવાની યોજના કર.'

'પરંતુ એણે તો મોટામોટા અસુરોના નાશ કરી નાખ્યો છે!'

'એથી શું થયું? જે હાથી મહાબળવાન સિંહનો સામનો કરે છે તે કેટલીક વાર સાધારણ કીડીથી મરી જાય છે. જીવનમાં કદી કોઈયે કારણે હિંમત ના છોડવી જોઈએ. હું તને એ જ ઉપયોગી સંદેશ સંભળાવવા આવી પહોંચ્યો છું. કૃષ્ણ કોઇ સામાન્ય બાળક નથી. એ તો અવતારી પુરુષ છે. જો તું સમય પર ચેતીશ નહીં તો તે તારો કાળ બની જશે.'

'મારો કાળ બનવાની શક્તિ છે જ કોનામાં?'

'તે તો તું સહેલાઈથી સમજી શકે છે. તારું મિથ્યાભિમાન તે વખતે જરા પણ કામ નહીં આવી શકે.'

દેવર્ષિના શબ્દો સાંભળીને કંસની વ્યથા વધી ગઇ.

એમના વિદાય થયા પછી એણે મંત્રીઓ સાથે પરામર્શ કરીને કૃષ્ણને મથુરામાં બોલાવવાની ને કુવલયાપીડ હાથી દ્વારા અથવા છેવટે કુસ્તીના દાવ વખતે ચારુણ અને મુષ્ટિક નામના પહેલવાનો દ્વારા મારી નાખવાની યોજના ઘડી.

સૌની સંમતિથી એણે અક્રૂરને કૃષ્ણ, બળરામ, નંદ તથા બીજા ગોપોને બોલાવવા વૃંદાવન જવાનો આદેશ આપ્યો.

★ ★ ★

અક્રૂર વૃંદાવનની પવિત્ર ભૂમિમાં આવી પહોંચ્યા ત્યારે એ ભૂમિની નૈસર્ગિક સુંદરતા, શાંતિ અને સ્વચ્છતા જોઇને એમને



અનહદ આનંદ થયો.

કૃષ્ણના દેવદુર્લભ દર્શનને માટે એમનું મન અને અંતર ઊછળવા લાગ્યું.

કૃષ્ણની બાળલીલાના પ્રસંગો સાંભળીને એ એમના ભક્ત, પ્રેમી કે પ્રશંસક બનેલા.

નંદના સુંદર રાજપ્રસાદમાં પ્રવેશીને એમણે કૃષ્ણનું દર્શન કર્યું ને નંદને કંસનો સંદેશ કહી સંભળાવ્યો.

નંદે એમનો સ્નેહપૂર્વક સત્કાર કર્યો ને કહ્યું :

'કૃષ્ણ હજુ પહેલવાનો સાથે કુસ્તી કરે એવો તો નથી જ.'

પરંતુ કૃષ્ણે કહ્યું :

'કંસનું આમંત્રણ આવ્યું છે તો હું પહેલવાનો સાથે કુસ્તી જરૂર કરીશ અને એમને હરાવીશ. મારામાં એટલી હિંમત તો છે જ. કંસના આમંત્રણનો હું સ્વીકાર કરું છું. એ પણ મારા પરાક્રમને ભલે જોઇ લે.'

કૃષ્ણની મથુરા જવાની ઇચ્છા જોઇને નંદે મથુરા જવાનો નિર્ણય કર્યો.

એ નિર્ણયથી કૃષ્ણ તથા બળરામને આનંદ થયો, ગોપબાલોએ પણ એ નિર્ણયને વધાવી લીધો, પરંતુ ગોપીઓ ઉદાસ બની ગઇ.

કૃષ્ણ વિનાના વૃંદાવનની એ કલ્પના જ નહોતી કરી શકાતી.

પોતાના પ્રાણપ્યારા, નયનાભિરામ, જીવનધન કૃષ્ણ પોતાને મૂકીને મથુરા જશે એ સમાચાર એમને માટે ભારે શોકકારક થઇ પડ્યા. (ક્રમશઃ)